## ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ




# આપત્તિ વ્યવસ્થાપન

# યોજના



## સને – ૨૦૨૩/૨૪

શાળાનું નામ :

તાલુકો :

જીલ્લો :

# આમુખ

ગુજરાતમાં અવારનવાર આવતી કુદરતી તેમજ માનવસર્જીત આપત્તિઓનો વિધેયાત્મક સ્વરૂપે સામનો કરતાની સાથે માનવી હંમેશા કંઈક શીખતો રહે છે. સરકારે આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની રચના તેમજ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ બનાવીને વૈધાનિક માળખુ ઉભુ કરવામાં દેશને આપત્તિ વ્યવસ્થાપન અંગે નવી દિશા આપી છે.

આપત્તિની અસરને ઘટાડવા માટે સમયસરનું તેમજ પદ્ધતિસરનું આયોજન હોવુ જરૂરી છે. રાજકોટ જિલ્લામાં ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનાં સહકારથી Gujarat School Safety Programme અમલીકૃત થયેલ છે. જે અંતર્ગત સમગ્ર જિલ્લામાં આવેલ તમામ શૈક્ષણિક સંસ્થાઓનાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન બનાવવા, પ્રાથમિક સારવાર, શોધ-બચાવ, મકાન બાંધકામ પદ્ધતિ, ચેતવણી અને સંદેશા વ્યવહારની તાલીમો દ્વારા શાળાનાં વિદ્યાર્થીઓને ક્ષમતાવર્ધન તેમજ જનજાગૃતિકરણનાં વિવિધ કાર્યક્રમો અવિરતપણે જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ અને જિલ્લા શિક્ષણાધિકારી તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવી રહ્યા છે.

રાજકોટ ખાતે વિભાગીય ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર તેમજ રાજય સરકાર દ્વારા આપવામાં આવેલ અતી આધુનિક વાહનો આપત્તિનાં સમયે ત્વરિત પ્રતિભાવ માટે ઉપયોગી થઈ શકશે. (શાળાનું નામ) આપત્તિ પ્રતિભાવ યોજનામાં સંકલિત કરેલ શાળાની સમગ્ર માહિતી, સંસાધનો, રિસોર્સ ઈન્વેન્ટ્રી આપત્તિનાં સમયે વહીવટી તંત્રને પ્રતિભાવ માટે ઉપયોગી થશે. આ યોજના થકી શાળામાં

જ આપત્તિ દરમ્યાન અને આપત્તિ પછીની વિકટ પરિસ્થિતિમાં પ્રતિભાવકોને મદદરૂપ તેમજ માર્ગદર્શક બનશે, પરિણામ સ્વરૂપે આપત્તિનાં કારણે થનાર નુકશાનને યોગ્ય પ્રમાણમાં ઘટાડી કે નિવારી શકાશે.

આ યોજના તૈયાર કરવા માટે સમયસર માહિતી આપી, સહકાર આપવા બદલ શાળાનાં અને કર્મચારીશ્રીઓ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીની સાથે-સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ કલેક્ટર કચેરી અને ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનાં પ્રોજેક્ટ ઓફિસરશ્રી સુનીલ તિવારીનાં સક્રિય પ્રયાસોને આભાર સહ નોંધ લેવામાં આવે છે.

પ્રસ્તુત ........................................ આપત્તિ પ્રતિભાવ યોજનાની ચકાસણી તથા પ્લાનને વધારે અસરકારક બનાવવા માટે વર્ષમાં એકવાર મોકડ્રીલ એટલે કે કૃત્રિમ કવાયત કરવામાં આવશે તેમજ સમયાંતરે પ્લાનને અદ્યતન કરવામાં આવશે. આ સંકલિત પુસ્તિકા તમામ સંબંધકર્તાઓને ઉપયોગી નિવડશે અને વધુ કાર્યક્ષમ સેવાઓ આપવા માટે આપનો સહયોગ અને સૂચનો આવકાર્ય છે.



# પ્રસ્તાવના

ડિઝાસ્ટર સમયે જીવન-મૃત્યુ વચ્ચે માણસ ઝોલા ખાતો હોય છે, ત્યારે એક-એક મિનિટ અમુલ્ય હોય છે, એનો ભોગ લેનાર નો કોઈ હોય તો તે કોમ્યુનિકેશન ગેપ છે. કોઈ પણ આપત્તિમાં નુકશાન ઘટાડવા અને પુન:સ્થાપન સરળ બનાવવા માટેનાં પરિણામલક્ષી પ્રતિભાવ પ્રત્યે સંખ્યાબંધ ક્ષેત્રોમાં કામ કરતા વિવિધ કાર્યકર્તાઓનો સમાવેશ થાય તે અપેક્ષીત હોય છે. પોલીસ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ, આરોગ્ય સેવાઓએ પ્રથમ પ્રતિભાવકર્તા હોય છે. આપત્તિનાં સમયમાં શોધ અને બચાવ, ટ્રાફિક નિયંત્રણ, તબીબી કાળજી અને આકસ્મિકતા સમયેનાં પરિવહન જેવી આપત્તિ સંબધિત પ્રવૃતિઓને પુરતી સંચાર વ્યવસ્થા અને નિયંત્રણ જરૂરી હોય છે. આવશ્યક કામગીરીમાં કોમ્યુનિકેશનન ગેપનાં કારણે ફળદાયી પરિણામ મળી શકતુ નથી. આપત્તિ પછીની સહાય માટેની નીતીનું ઘડતર કામગીરીનું સંચાલન અને સંકલન જેવી બાબતો સંભાળે છે. સતત ૨૪ કલાક કાર્યરત રહી શોધ-બચાવ, રાહત કામગીરી, પુન:સ્થાપન અને પુનર્વસનની કામગીરીમાં ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટરની કામગીરી અગત્યની ભૂમિકા ભજવે છે.

આપત્તિ ગમે ત્યારે ત્રાટકી શકે છે. આ સમયે જાનમાલનું નુકશાન ઓછામાં ઓછુ થાય તે માટે સજ્જતા અને આયોજનની જરૂર પડે છે. આ અગાઉનાં સમયમાં પણ આપણે વધુ કે ઓછી સફળતા સાથે આપત્તિઓનો સામનો કાર્યો જ છે. પરંતુ ઈતિહાસ ઉપર નજર નાખીએ તો ભૂતકાળમાં આખીને આખી સંસ્કૃતિઓનાં ઉન્મૂલનથી માંડીને આવી ઘણીબધી આફતોમાંથી ઘણુ બધુ બચાવી લેતી આધુનિક માનવજાતિ આપણી સમક્ષ છે. કુદરતી આપત્તિઓ મોટા ભાગે સંપૂર્ણપણે ક્યારેય નિવારી શકાતી નથી. પરંતુ તેનાથી થતી અસર તથા નુકશાનમાં ઘટાડો જરૂરથી કરી શકાય છે.

આધુનિક આપત્તિ વ્યવસ્થાપનનાં મૂળ, આ પ્રકારનાં અનુભવો અને બોધપાઠથી મળેલ છે. જેને ધ્યાનમાં રાખી આપત્તિ વ્યવસ્થાપનની નીતિ અને તેનાં માટે યોગ્ય તંત્ર ઉભુ કરવાની આવશ્યકતા ઉભી થઈ જે દ્વારા આવનાર આપત્તિઓને ઓળખી શકાય તથા તેની વ્યાપકતા અને અસરોને અંદાજી યોગ્ય તૈયારીઓ દ્વારા તેનો સામનો કરી શકાય રાજ્ય સરકારે આપત્તિઓની રાજ્યનાં આર્થિક અને સામાજીક વિકાસ ઉપર પડતી નિર્ણાયક અસરનો સામનો કરવા આપત્તિ વ્યવસ્થાપનનો વ્યૂહાત્મક દ્રષ્ટિકોણ વિકસાવ્યો છે. જેનો મુખ્ય આશય આપત્તિને

કારણે થનાર જાન-માલનાં નુકશાનને અટકાવવાનો છે તથા તેનાં કારણે ઉભી થતી અસરોને ઓછી કરી પૂર્વવૃત પરિસ્થિતિનાં નિર્માણનો ધ્યેય આ સાથે જોડાયેલ છે.

૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપ પછી રાહત, પુનઃસ્થાપન, સલામત બાંધકામ, નવું નગર આયોજન....વગેરે-વગેરે વાતો સતત કાને અથડાતી રહી છે. ભૂકંપ પછી બધું ધ્યાન મકાનોને સલામત બનાવવા તરફ અને પુનઃસ્થાપના કરવા તરફ હતું. ૨૦૦૧ના ભૂકંપથી ગુજરાતની શાળાઓને થયેલા પારાવાર નુશસાન અને જાનહાનિથી ચેતી જઈ શાળા-સલામતીમાં સલામત બાંધકામ ઉપર ગુજરાત સરકારે વિશિષ્ટ ભાર મૂકયો છે, રાજયમાં શાળાઓ હજુ વધુ સલામતીનાં પગલાં લે તે જરૂરી છે.

જો દયાનું મુળ ધર્મમાં છે તો, સલામતનું મૂળ શાળાજીવનમાં છે. જયાં સુધી શાળા અને શાળાજીવન સલામત કે સુરક્ષિત જીવન પ્રત્યેનો અભિગમ કેળવવામાં ન આવે ત્યાં સુધી, સમાજમાં સલામતી તરફ રખાતું દુર્લક્ષ ચાલું જ રહેશે. શહેરી વિસ્તારમાં ગીચ વસ્તી, અસલામત બાંધકામ અને ગેરકાયદેસરના ઉપયોગથી શાળાઓની સલામતી ખાસ જોખમમાં મૂકાઈ જાય છે. તો બીજી બાજુ, ગ્રામ્યસ્તરે મૂળભૂત સુવિધાઓ અને સાધન-સરંજામોનો અભાવ શાળાઓને અસલામ કરી મૂકે છે. શિક્ષણનું ખાનગીકરણ શાળા-સંચાલકોએ નફા તરફ દોરે છે. ખર્ચ ઘટાડવાની તાલાવેલીમાં સલામતીની પેરવીનો વિચાર કરવામાં આવતો નથી. શાળા અસલામતીનો પ્રશ્ન રાજકોટ શહેર કે ગુજરાત પૂરતો મર્યાદિત નથી પરંતુ એક રાષ્ટ્રીય પ્રશ્ન છે.

જો બાળકોને શિક્ષણ મળવાનો અધિકાર હોય તો તે અધિકારમાં સલામત શાળામાં શિક્ષણ મેળવવાનો અધિકાર છુપાયેલો જ છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા અમલીકૃત થયેલ સ્કુલ સેફટી ઈનેસીટીવ હેઠળ શાળાની સલામતી પર વધુ ભાર મુકી કામ કરવાનું શરૂ કર્યુ છે શાળાના શિક્ષકોને તાલીમબધ્ધ કર્યા અને બાળકોને મુખ્યપ્રવાહમાં પાછા લાવવા સાથે શાળા અને શિક્ષણને સલામત બનાવવા ઉપયોગી પ્રકાશનો પણ વહેતા મૂકયાં. પ્રદર્શન, રેલી તથા તાલીમો થકી ક્ષમતાવર્ધન કરવાનો પ્રયત્ન નિરંતર કરવામાં આવી રહેલ છે.

# પ્રકરણ–૧

## ૧.૧ આપત્તિ એટલે શું ?

આપત્તિએ એક એવી ઘટના છે કે, જે-જે તે વિસ્તારનું જન જીવન અસ્તવ્યસ્ત કરી નાંખે છે તથા જાન હાની અને મિલ્કતને નુકશાન કરે છે.

યુએન (સંયુક્ત રાષ્ટ્રસંઘ) આપત્તિની નીચે મુજબ વ્યાખ્યા કરે છે.

અચાનક વિશાળ પાયે થતી કમનસીબ ઘટના જે પાયાનું માળખુ તથા માનવ સમાજનું સામાન્ય જીવન અસ્તવ્યસ્ત કરે છે.

- ✓ ઘટના બનવાનાં સમયગાળાની તરાહ પ્રમાણે નીચે મુજબ બે વિભાગોમાં તેને વહેંચી શકાય.
- ✓ ધીમેથી ઘટતી આપત્તિ.

એકાએક ઘટતી આપત્તિ.

## ૧.૨ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, ૨૦03 મુજબ આપત્તિની વ્યાખ્યા.

- ✓ આપત્તિ એટલે રાજયનાં કોઈ પણ ભાગમાં બનતી કુદરતી અથવા અન્ય પ્રકારની ખરેખર અથવા સંભવિત ઘટનાં જેનાથી નીચેની તમામ અથવા કોઈપણ બાબત બને અથવા બનવાની આશંકા હોય:
- ✓ સ્થાવર અને જંગમ બન્ને મિલ્કતને હાનિ અથવા નુકશાન અથવા
- ✓ માનવ જિંદગીની વ્યાપક ખુવારી અથવા માનવોને ઈજા અથવા બિમારી અથવા

પર્યાવદરણને નુકશાન અથવા અવનતિ થાય અને પેટા કલમો (૧) થી (૩) માં નિર્દિષ્ટ કરેલ અસરો પૈકી કોઈ પણ અસર એવી, પોતાની સાધન સંપત્તિનો ઉપયોગ કરીને તેને પહોંચી વળવાનું અસરગ્રસ્ત સમુદાયની ક્ષમતા બહારનું હોય અને જેનાથી સમુદાયનું સામાન્ય કામકાજ ખોરંભે પડે.

## ૧.૩ આફત સમયની પરિસ્થિતિ.

ભારતમાં આફતોનું જોખમ દિવસે દિવસે વધી રહ્યું છે. કુદરતી આફતો જેવી કે દુષ્કાળ, પૂર, ભૂકંપ, કે વાવાઝોડાની ભારતમાં હવે કોઈ નવાઈ રહી નથી, ત્યાં માનવસર્જિત આફતોનું પ્રમાણ પણ દિવસે દિવસે વધી રહ્યું છે.

shikshansagar.com

આફતોને કારણે સર્જાતી દયનીય પરિસ્થિતિ અને જાનમાલનું નુકશાન, ભારત જેવા વિકાસશીલ દેશના વિકાસમાં અવરોધો ઉભા કરે છે. વળી, ભારતની ભૌગોલિક પરિસ્થિતિમાં પણ એટલી વિવિધતા જોવા મળે છે કે કોઈપણ આફત સામેનું દરેક વિસ્તાર માટે ચોકકસ આયોજન શકય બનતું નથી.

આફત સમયે અસરગ્રસ્તોની સંખ્યા ખૂબ જ ઉંચી હોય છે. આથી સરકાર કે સંસ્થા માટે દરેક અસરગ્રસ્તને સહાય કરવી મુશ્કેલ બને છે. આવી પરિસ્થિતિમાં અસરગ્રસ્તોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે લોકો આધારિત આફતનિવારણ ટુકડી ખૂટતી કડીનું કામ કરી શકે છે. ભૂતકાળની આફતોમાં જો એક હકારાત્મક પાસું જોવા મળ્યું હોય તો તે છે આફતનિવારણમાં લોકોની ભાગીદારીથી મળેલી સફળતા. એટલે જ લોકસમુદાયમાં, પંચાયતોમાં, દવાખાનાઓમાં અને શાળાઓમાં લોકો આધારિત આફતનિવારણના આયોજનને પ્રાથમિકતા અપાઈ રહી છે.

આફતની સામાન્ય વ્યાખ્યા કંઈક આવી થઈ શકે : “ આફત એ એક એવી ઘટના છે કે જેમાં સામૂહિક જાનહાનિ અને માલહાનિ અથવા વાતાવરણને નુકસાન કરવાની સંભવિત ક્ષમતા રહેલી છે. “ એટલે કે આફતોની અસરો ખૂબ જ વ્યાપક હોય છે અને તેમાં અસરગ્રસ્તોની સંખ્યા પણ ખૂબ જ ઉંચી હોય છે. આફતોની અસરો પૂર્વતૈયારી અથવા આફત સામેના આયોજન વડે ચોકકસ ઓછી કરી શકાય છે અને એટલે જ આફતની વ્યાખ્યામાં સંભવિત નુકશાન કરવાની ક્ષમતા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આફતોની અસરો ખૂબ જ ગંભીર હોય છે. તેમાં જાનહાનિ, માલહાનિ અને વાતાવરણને તો નુકશસાન થાય જ છે, પરંતુ સાથોસાથ તે દેશની અર્થવ્યવસ્થા અને સામાજિક વ્યવસ્થાને પણ ગંભીર નુકશાન પહોંચાડે છે. આફતોમાં અસરગ્રસ્ત લોકોના સ્થળાંતરનું પ્રમાણ પણ ખૂબ જ વધી જાય છે.

આફત સમયે અસરગ્રસ્તોની સૌપ્રથમ જરૂરિયાત બચાવ અને રાહતકામગીરીની હોય છે. આ ઉપરાંત તેઓની પાયાની જરૂરિયાતો જેવી કે પાણી, ખોરાક, પોષાણ, રહેઠાણ અને સ્વાસ્થ્યને લગતી જરૂરિયાતો

સંતોષવી પણ જરૂરી હોય છે. રોજગારી અને બચતોના અભાવને કારણે અસરગ્રસ્તોની નાણાકિય જરૂરીયાત પણ અગત્યની બને છે. અસરગ્રસ્તોની આ બધી જરૂરિયાતો સંતોષવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ અને સ્થાનિક સંગઠનોના સહિયારા પ્રયાસની જરૂરિયાત હોય છે. પરંતુ સૌથી મહત્વની અને અગત્યની જરૂરિયાત હોય છે આફતગ્રસ્ત લોકોનો સહકાર, જે આયોજનના અમલીકરણમાં સૌથી વધુ ઉપયોગી સાબિત થાય છે.

**“ આફતનિવારણમાં લોકભાગીદારીની જરૂરિયાત ભૂતકાળની આફતો સામેના પ્રતિભાવ પરથી શીખવા મળેલું એક હકારાત્મક પાસું છે. “**

આફત સમયે અસરગ્રસ્તોનો સહકાર આયોજનમાં યોગ્ય ફેરફાર કરવામાં અને નડતી મુશ્કેલીઓ દૂર કરવામાં મહત્વનો સાબિત થાય છે. આફત સમયે બચાવ અને રાહતકામ માટે સાધનો પૂરતાં હોતાં નથી. આ ઉપરાંત વાહનવ્યવહાર અને માહિતીના આદાનપ્રદાનનું માળખું ભાંગી પડે છે. એટલું જ નહિ, પરંતુ મૃત્યુનો ઉંચો દર અને અસરગ્રસ્તોની ઉંચી સંખ્યા, રોગચાળો ફેલાવવા માટે અનુકૂળ વાતાવરણ ઉભું કરે છે. વીજળી અને પાણીનો સ્રોતને ફરી ચાલુ કરવા પણ ઘણો પરિશ્રમ કરવો પડે છે.

## ૧.૪ આફતોના પ્રકાર.

વિવિધ પ્રકારની આફતો પૈકી 30 પ્રકારની આફતોનો સતાવાર સ્વીકાર કરવામાં આવ્યો છે, જેને નીચે મુજબ જુદા-જુદા પાંચ જૂથમાં વહેંચી શકાય :

૧. પાણી અને હવામાન સંબંધિત આફતો : આ પ્રકારની આફતોમાં વાવાઝોડું, દુકાળ, પુર અને દરિયાઈ તોફાનો વગેરેનો સમાવેશ થાય છે.

૨. ભૂ-ભૌગોલિક સંબંધિત આફતો : ભૂકંપ, જવાળામુખી ફાટવો, ખાણમાં આગ, ભૂકંપથી બંધ તૂટવા વગેરે આફતોનો સમાવેશ ભૂ-ભૌગોલિક સંબંધિત આફતોમાં કરવામાં આવે છે.

૩. જૈવિક આફતો : આ પ્રકારની આફતોમાં જુદા-જુદા પ્રકારનો રોગચાળો (મલેરિયા, કોલેરા, પ્લેગવગેરે) અને ખોરાકમાં ઝેરી અસર જેવી આફતોનો સમાવેશ કરવામાં આવે છે.

૪. રાસાયણિક, ઔદ્યોગિક અને અણુવિસ્ફોટ સંબંધિત આફતો : આ પ્રકારની આફતોમાં અણુવિસ્ફોટ, રાસાયણિક કચરો, ઉદ્યોગો દ્વારા ફેલાતું પ્રદુષણ વગેરેનો સમાવેશ થાય છે.

૫. અકસ્માત સંબંધિત આફતો : અકસ્માત સંબંધિત આફતોમાં જંગલમાં આગ, બોમ્બ-વિસ્ફોટો, મકાન તૂટી પડવાં, રોડ ઉપર પેટ્રોકેમિકલ્સનાં વાહનોના અકસ્માતો, હવાઈ અને દરિયાઈ જહાજોના અકસ્માતો વગેરેનો સમાવેશ થાય છે.

ખાસ કરીને ૪ અને ૫ પ્રકારની માનવસર્જિત આફતો ધીમે ધીમે ગંભીર બનતી જાય છે. વળી, કુદરતી આફતોના પ્રતિકારની રીતરસમો પણ જે તે વિસ્તારની ધાર્મિક માન્યતાઓ અને રિવાજો, સરકારી વહીવટી વ્યવસ્થા, આર્થિક વિકાસ સ્તર, આફત નિવારણની પધ્ધતિઓમાં ફેરફાર વિગેરે ઉપર આધાર રાખે છે જે સમયે-સમયે બદલાયા કરે છે.

## ૧.૫ લોકો આધારિત આફતનિવારણનું મહત્વ અને લોકભાગીદારીની જરૂરિયાત

જયારે પણ કુદરતી આફત કે માનવસર્જિત આફત આવે છે ત્યારે સામાન્ય રીતે બચાવ અને રાહતકામની શરૂઆત સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે, પરંતુ આ શરૂઆત પ્રમાણમાં મોડી સાબિત થાય છે કેમ કે અસરગ્રસ્તો સુધી પહોંચવા માટે તેઓને ઘણી મુશ્કેલીઓ પડે છે. વળી, શરૂઆતના તબક્કે તો આફતની અસર કયા વિસ્તારમાં વધુ છે તે જાણવું કપરું બને છે કેમ કે સંદેશાવ્યવહારને નુકશાન થયું હોવાથી તે સમયે ચોક્કસ માહિતીનો અભાવ હોય છે. આથી જો આફત સ્થળે જ બચાવટુકડી હાજર હોય તો તે ઝડપથી નિર્ણયો લઈને સમયસર કામગીરી દ્વારા હજારો લોકોના જીવ બચાવી શકે છે. આથી લોકો આધારિત આફતનિવારણ ટુકડી બનાવવી અને આયોજનનું માળખું ઉભું કરવું ખૂબ જ મહત્વનું કામ બને છે.

આફત પહેલાં આવી ટુકડીઓ પૂર્વતૈયારી અને જોખમોનું મૂલ્યાંકન કરી શકે, આફત વખતે તેઓ બચાવ અને રાહતકામ કરી શકે અને આફત પછી તેઓ પુનઃસ્થાપન અને પુનઃવસવાટના કામના આયોજનમાં મહત્વનો ભાવ ભજવી શકે છે. વળી, આ ત્રણેય તબકકે તેઓ પરિસ્થિતિ અને મુશ્કેલીઓનું સાચું મૂલ્યાંકન કરીને, જરૂરિયાત મુજબનું આયોજન વિચારીને અને નિર્ણયો લઈને તેનું અમલીકરણ શકય બનાવે છે.

**૧.૬ લોકો આધારિત આફત નિવારણને સમજવા માટે જરૂરી વ્યાખ્યાઓ.**

૧. આફતો : એક એવી ઘટના કે જેમાં સામૂહિક જનહાનિ અને / અથવા માલમિલકત અને વાતાવરણને નુકસાન કરવાની સંભવિત ક્ષમતા રહેલી છે.

ઉદારહણ : વાવાઝોડું, ભૂકંપ, પુર વગેરે.

૨. જોખમ : જોખમ એ એક ઘટના અથવા ચાલુ રહેલી પરિસ્થિતિ છે, કે જેમાં જન-માલને મોટા પાયે હાનિ કરવાની ક્ષમતા રહેલી છે. કુદરતી અને માનવસર્જિત જોખમો કોઈપણ ઘડીએ આફતમાં બદલાઈ શકે છે.

ઉદારહણ : પૂરનું જોખમ, ભૂકંપનું જોખમ વગેરે.

૩. અસુરક્ષિતતા : અસ્તિત્વ ધરાવતી અથવા પ્રસંગોપત ઉભી થતી એવી પરિસ્થિતિ કે જે આફતોના સમયે સ્થાનિક લોકોની આફતનિવારણ, પૂર્વતૈયારી, બચાવ અને સામનો કરવાની શકિતને ખરાબ રીતે અસર કરે છે.

ઉદારહણ : બચત જેવાં ભૌતિક સંસાધનોનો અભાવ, શારીરીક અશકિત, જૂની માન્યતાઓ વગેરે.

૪. ક્ષમતાઓ : ક્ષમતા એટલે લોકોમાં રહેલી શકિત અને આફત સામે લડવાની તાકાત, જે દરેક સમુદાયના લોકોમાં રહેલી છે. ક્ષમતાનો બીજો અર્થ, લોકો પાસે રહેલાં સાધનો પણ થાય છે કે જેનો ઉપયોગ આફતની પરિસ્થિતિનો સામનો, તૈયારી અને નિવારણનાં કાર્યોમાં કરી શકાય.

ઉદારહણ : બચતનું ઉંચુ પ્રમાણ, આફતનિવારણ ટુકડી, ભૌતિક સંસાધનો, એકતા વગેરે.

૫. અસુરક્ષિત વર્ગ અથવા જોખમે રહેલો વર્ગ : કોઈપણ જૂથ કે વર્ગ અસુરક્ષિત ત્યારે કહેવાય કે જયારે તેને આફતના સમય દરમિયાન ખૂબ જ નુકસાન પહોંચવાની શકયતા હોય, એટલે કે તેની બચાવ અથવા નિવારણ માટેની ક્ષમતા ખૂબ જ નીચી હોય.

ઉદારહણ : નદીના તટ પર રહેતા લોકો પૂર સમયે અસુરક્ષિત વર્ગ તરીકે ઓળખવામાં આવે છે.

## **૧.૭ લોકો આધારિત આફતનિવારણની પ્રવૃતિઓ શી છે ?**

(૧) આફત સામે પૂર્વતૈયારી.

આ પ્રવૃતિમાં જોખમની તીવ્રતા અને આવૃતિમાં ઘટાડો કરવો કે જેથી તે આફત ન બને અથવા આફત સામે કાયમી સુરક્ષા મળી રહે તેવાં પગલાં ભરવા માટેની પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.એ જ રીતે, આફતની સમુદાય, સમાજ કે વાતાવરણ પર થનારી ખરાબ અસરોને ઘટાડવા માટે અગાઉથી લેવાનારા પગલાંઓનો પણ આ પ્રવૃતિમાં સમાવેશ થાય છે.

અગાઉથી આગાહી કરવી, આફતના આગમન વિશે, આફતની અસરો સામે તાત્કાલિક પૂર્વઆયોજિત પ્રતિક્રિયાઓ આપવી વગેરે પ્રવૃતિઓનો સમાવેશ પૂર્વતૈયારીમાં કરવામાં આવે છે. આમાં આફત પહેલાંથી જ આવનારી આફત દરમિયાન અને આફત પછીની યોગ્ય પ્રતિક્રિયા વિશે લોકોને તૈયાર કરવાની પ્રવૃતિઓનો પણ સમાવેશ થાય છે.

(૨) કટોકટી સમયની પ્રતિક્રિયા.

આ પ્રકારની પ્રવૃતિમાં આફત દરમિયાન ખોવાયેલાઓને શોધવા અને ફસાયેલાઓને સલામત સ્થળે પહોંચાડવાનાં પગલાંનો સમાવેશ થાય છે. તે ઉપરાંત જીવન બચાવવા માટે જરૂરી પાયાની જરૂરિયાતો જેવી કે આશ્રયસ્થાન, પાણી, ખોરાક અને આરોગ્યની સંભાળ પણ આ પ્રકારની પ્રતિક્રિયાની પ્રવૃતિઓ છે.

(૩) ફરી અગાઉની સામાન્ય સ્થિતિ લાવવાની પ્રવૃતિ.

આ પ્રવૃતિઓમાં પુન:સ્થાપન અને પુન:વસવાટની પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. આ પ્રકારની પ્રવૃતિઓમાં આફતગ્રસ્ત સમુદાય પોતે જે પોતાની પૂર્વવત્ પરિસ્થિતિ ફરી પ્રાપ્ત કરી તે માટેની પ્રવૃતિઓનો સમાવેશ થાય છે.

## ૧.૮ આફતના જોખમને ઘટાડવા માટેનું આયોજન કરવાનાં પગલાં.

આફતના જોખમને ઘટાડવા માટે, સૌથી પહેલાં ગામલોકોનો સાથ લઈને જોખમ ઘટાડવા માટે કયાં-કયાં પગલાં લેવાં જોઈએ તે આ મુજબ નક્કી કરવું જોઈએ :

- ✓ **૧.૯ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનનાં હેતુ.**
- ✓ શાળામાં આપત્તિનાં અસરકારક વ્યવસ્થાપન માટે જરૂરી સમગ્ર માહિતી વિગતવાર અને પધ્ધતિસર એકત્ર કરવી.
- ✓ શાળામાં કટોકટી પ્રતિકાર માટેની પધ્ધતિ સ્થાપવી.
- ✓ કોઈ પણ કટોકટીનાં પ્રતિકાર માટે શાળા સમુહને સુસજ્જ કરવો.
- ✓ અસરકારક પ્રતિકાર માટે ભૂમિકા અને જવાબદારીઓ નક્કી કરવી.
- ✓ શાળા સમુહમાં જાગૃતિકેળવવી તથા તેમની ક્ષમતા વધારવી.
- ✓ શાળામાં શમન પ્રવૃતિઓનો અમલ કરવો.
- ✓ વિવિધ સ્ટેક હોલ્ડર્સમાં સહભાગીદારી વધારવી.
- ✓ આપત્તિ વ્યવસ્થાપન માટેની પ્રવૃતિઓ, કાયદો અને વ્યવસ્થાનાં નિયંત્રણ.
- ✓ જોખમનું દેખરેખ તેમજ નિયંત્રણ.
- ✓ મળેલ ચેતવણીનો પ્રસાર.
- ✓ આપત્તિ સમયે પ્રતિભાવનું સંકલન.
- ✓ રાહત તેમજ બચાવ કામગીરીમાં માર્ગદર્શન.
- ✓ માહિતી, નિર્ણયનાં સંકલન તથા તેના વર્ગીકરણ અંગે જાણ કરવી.
- ✓ આપત્તિનાં સમયે રિસોર્સ ઈન્વેન્ટ્રી તેમજ જરૂરી રિસોર્સ મેળવવામાં સરળતા.

- ✓ આપત્તિનાં પ્રતિભાવ આપવા માટે લીધેલા તમામ પગલાનું તેમજ કામગીરીનું સુચારૂ સંચાલન કરવુ તેમજ તે અંગેની તમામ માહિતી સરળતાથી મેળવવી.
- ✓ ડિઝાસ્ટર વખતે પ્રતિભાવનનાં લેવાનાં પગલા અને સંરબધિત વિભાગો વચ્ચે સંકલન સાધવુ અને બહારની એજન્સીઓની મદદ લેવી અને એમને સહકાર આપવો.
- ✓ આપત્તિ સમયે આયોજન મુજબની કામગીરી.
- ✓ આપત્તિમાં ફસાયેલા લોકોને બચાવવા અને તેમને પુરેપુરૂ રક્ષણ આપવુ.
- ✓ ડિઝાસ્ટરને સમજી તેને કાબુમાં લેવો.
- ✓ માલ-સામાનને નુકશાન થતુ અટકાવવો અને આજુ-બાજુનાં પર્યાવરણને નુકશાન ન થાય તે માટે પગલા લેવા.
- ✓ બચાવ કાર્ય, ઘાયલોને સારવાર આપવી.
- ✓ અસરગ્રસ્તોને સુરક્ષિત જગ્યાએ ખસેડવા.
- ✓ અસર પામેલ વ્યકિતની ઓળખ કરવી, તેમનાં કુટુંબીઓને જાણ કરી તેમની જરૂરીયાત પ્રમાણે મદદરૂપ થવુ.
- ✓ ડિઝાસ્ટર થવાનાં કારણોનો રેકોર્ડ, સમાચારની જાળવણી તથા તપાસકર્તાને મદદરૂપ.

કુદરતી આપત્તિઓનાં સમયે તમામ શકય નિવારક બચાવલક્ષી પગલાઓ ઝડપથી લઈ શકાય તથા કટોકટીનાં સમયે તંત્ર અને પ્રજા નજદીકી અનુભવે તથા લોકોમાં આત્મવિશ્વાસ વધે અને ભયનું વાતાવરણ દૂર થાય મૂળભૂત પાયાની માહિતી ધરાવતો વ્યાપક અને અસરકારક ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવે છે. જેમાં શાળાની આસ-પાસનું ડિઝાસ્ટર પ્રોફાઈલ, શાળા તેમજ નજીક ઉપલબ્ધ રિસોર્સની ઈન્વેન્ટરી તેમજ કાર્યજુથો માટે એસ.ઓ.પી. ની સમાવેશ કરવામાં આવેલ છે.

- ✓ **૧.૧૦ આપત્તિ વ્યવસ્થાપનની સંકલ્પના.**
- ✓ આપત્તિઓનાં જોખમો હળવા કરવાનાં અથવા ઘટાડવાનાં પગલાનું અમલીકરણ અને આયોજન.

- ✓ આપત્તિની વિનાશકતા અથવા પરિણામો ઘટાડવા.
- ✓ આકસ્મિકતા અને આપત્તિઓ માટેની સજ્જતા.
- ✓ આપત્તિની અસરોનું મુલ્યાંકન.સંકટકાલીન સહાય, બચાવ અને આપત્તિનાં પુન:વર્સન અનુ પુન:નિર્માણ.

આપત્તિ વ્યવસ્થાપન નિરંતર પ્રક્રિયા છે, તમામ પ્રકારનાં જોખમ વ્યવસ્થાપન અને અધિકારિતાનાં વિચારથી આપત્તિ વ્યવસ્થાપન, આયોજન અને પ્રયાસો માટેનો પાયો પુરો પાડે છે.

તમામ પ્રકારનાં જોખમ વ્યવસ્થાપનમાં, જિલ્લાને અસર કરતા સંભવિત તમામ જોખમો ટાળવા અથવા હળવા કરવા માટેનાં આયોજનની વિચારણા અને લેવાનાં પગલાનો સમાવેશ થાય છે. અધિકારિતા એટલે નાગરિકોને શિક્ષણ, તાલીમ અને સહાય માટે સક્ષમ બનાવવું. આવી અધિકારિતાએ આપત્તિનો તજવીજ કરવા માટેની સંપૂર્ણ જવાબદારી કોઈ વ્યકિતમાં તબદીલી નથી પણ આપત્તિની અસર ઘટાડવા અથવા તેને મર્યાદિત કરવા માટે જરૂરી સાધનો અને સહાય દરેક વ્યકિત ઘરાવે છે. તેવુ સુનિશ્ચિત કરવા માટેનાં અંતિમ પ્રયાસો છે.

આપત્તિની માત્રા અથવા સંભવિત અસરો ઘટાડવાનાં પગલા અને ક્ષમતાનિર્માણથી તેમજ પુન:સ્થાપન પ્રક્રિયા ઝડપી તેમજ ઓછી ખર્ચાળ બનાવવામાં સરળ બનાવે તેવી પદ્ધતિઓથી સ્થિતિ સ્થાપકતા સંગીન બને છે.

## ૧.૧૧ આપત્તિ વ્યવસ્થાપનનો અભિગમ.

- ✓ ગુજરાત સરકાર આપત્તિ વ્યવસ્થાપન પ્રત્યે સર્વગ્રાહી અભિગમ ધરાવે છે. આપત્તિની અસરો ઘટાડવાની કામગીરી બે વિસ્તૃત ક્ષેત્રોમાં વિભાજીત કરવામાં આવી છે.
- ✓ તાત્કાલિક શરૂ થતી આપત્તિની અસરો ઘટાડવા માટે અથવા આપત્તિની ધીમી શરૂઆત વખતે તેનાં પ્રતિભાવને વેગવાન બનાવવા માટે જરૂરી હોય તેવા આયોજન અને પગલાને કેન્દ્રમાં રાખીને ચેતવણી, સહાય અને પુન:સ્થાપન.

- ✓ જોખમો અથવા તોળાઈ રહેલી આપત્તિઓનાં કારણે થતી અસરોનો નિવારણ અથવા નાબુદ કરવા માટે આયોજનો કે પગલાઓને કેન્દ્રમાં રાખીને શમન, સજ્જતા અને નિવારણ.,
- ✓ આપત્તિ વ્યવસ્થાપન સમગ્ર અભિગમ ૬(છ)ઘટકો પર આધારિત હોય છે.
- ✓ જોખમ અને સંવેદનશીલતાનું ચોકકસાઈપૂર્વક મુલ્યાંકન.
- ✓ આયોજન અને સાધનોની પર્યાપ્ત ફાળવણી.
- ✓ ક્ષમતા નિર્માણ અને તાલીમ.
- ✓ પર્યાપ્ત પ્રાપ્તિસ્થાનોની જોગવાઈ.



આપત્તિ વ્યવસ્થાપન ભૂમિકા અને જવાબદારીની સોંપણી.

**૧.૧૨ શમન, સજ્જતા અને નિવારણ.**

- ✓ શમન, સજ્જતા અને નિવારણ પગલા આપત્તિની સંભવિતતા ઘટાડવા (જોખમ અલ્પીકરણ) માટે અથવા શકય આપત્તિમાંથી ધારેલા નુકશાનનું પ્રમાણ (સંવેશનશીલતા અલ્પીકરણ) માટે આપત્તિની અગાઉથી જ લેવાનાં હોય છે. સંવેદનશીલતા ઘટાડવાની બાબતને ખતરા અલ્પીકરણ કરતા પણ વધુ અગ્રતા આપવામાં આવે છે. ખતરો અને સંવેદનશીલતા ઘટાડવા માટે ચાર વ્યવસ્થાતંત્ર (૧ અથવા ૪) રાખી શાળામાં શકાય.
- ✓ શાળામાં શમન, સજ્જતા અને નિવારણ માટેનું લાંબા ગાળાનું આયોજન.
- ✓ વિનિયમો ખાસ કરીને બાંધકામ અને સલામતી નિયમો અને જમીન ઉપયોગ પ્લાનની અમલ બજવણી.
- ✓ વિકાસ યોજનાઓની સમીક્ષા અને મૂલ્યાંકન અને ખતરો અને સંવેદનશીલતા ઘટાડવા માટેની રીતો નકકી કરવા માટેની પ્રવૃતિઓ.

ચેતવણી, રાહત અને પૂર્વવત સ્થિતિ સહાયની જોગવાઈ સહિત ક્ષમતાનિર્માણ અને ખતરો તેમજ સંવેદનશીલતા સામાજીક સ્તરે ઓળખી કાઢવા.

- ✓ જોખમ અને સંવેદનશીલતાની વચગાળાની આકારણીનાં આધારે, શમન, સજજતા અને નિવારણ માટે શાળા નીચેનાં ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરશે.
- ✓ જીવન જરૂરી પુરવઠા પધ્ધતિ પુનઃસ્થાપિત કરવુ. (પાણી, વિજળી અને સંચાર વ્યવસ્થા)
- ✓ આરોગ્ય સંભાળ, સવલતો, શાળા અને રસ્તાઓ પર આપત્તિની અસરો ઘટાડવી.
- ✓ પુર્વસંભવિત વિસ્તારોમાં સંવેદનશીલતા ઘટાડવી.
- ✓ ચક્રવાતથી થતી સંવેદનશીલતા ઘટાડવી.

  ઔદ્યોગીક સ્થાનો નજીક આપત્તિ સજ્જતાની સુધારણા.

## ૧.૧૩ યોજના તૈયાર કરવી અને સુધારણા.

- ✓ જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, કલેક્ટર કચેરી અને જિલ્લામાં આવેલ તમામ શાળાઓનાં પ્રતિનિધીઓ એક બીજા સામે વિચાર વિનિયમ કરીને શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરવા, શાળા ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટિ શાળા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાનમાં સુધારણા કરવા માટે જવાબદાર છે.
- ✓ કોઈ જોખમનાં પ્રકારમાં મહત્વનો ફેરફાર થાય ત્યારે.
- ✓ કોઈ મોટી આપત્તિ પછી થયેલ અનુભવનાં આધારે.
- ✓ યોજનામાં વ્યાખ્યા કરેલા સંગઠનોમાં કોઈ મહત્વનો ફેરફાર થાય અથવા કાર્યવિશેષદળનાં પ્રાથમિક સભ્યોની જવાબદારીમાં ફેરફાર થાય ત્યારે આવી યોજનાની વાર્ષિક સમીક્ષા કરવી જોઈએ અને તેને અદ્યતન બનાવવી જોઈએ.
- ✓ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા બનાવવામાં આવેલ ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ-૨૦03 મુજબ જિલ્લા કલેકટરશ્રીનાં માર્ગદર્શન હેઠળ જિલ્લાની શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના તૈયાર કરે છે.જિલ્લા કલેકટરશ્રીની આજ્ઞાનુસાર સરકારી સત્તામંડળો આપત્તિ વ્યવસ્થાપન માટે જવાબદાર હોય છે.

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, રાહત કમિશ્નર શ્રી, તમામ સરકારી અને ખાનગી સહયોગીઓની જવાબદારી કાયદા મુજબ હોય છે. જેનાં ભાગરૂપે જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે આયોજન બનાવવામાં આવેલ છે.

### ૧.૧૪ શાળાની માહિતી (રૂપરેખા)

| | | |
|---|---|---|
| શાળાનું નામ | | |
| શાળા આઈ.ડી. | | |
| બોર્ડ | GSEB/CBSE/ICSE/Other | |
| બોર્ડ રજીસ્ટ્રેશન નંબર | | |
| | સ્થળ | |
| | સર્વે નં./વોર્ડ નંબર | |
| | ગામ/શહેર | |
| | સેન્સેક કોડ | |
| | તાલુકો | |
| | જિલ્લો | |
| | એસસવીએસ નંબર/નામ | |
| | નિરિક્ષકનું નામ | |
| | જીપીએસ સંકલન | |
| | શાળાનાં ફોન નંબર | |
| | શાળાનાં ફેકસ નંબર | |
| | શાળાનાં ઈ-મેઈલ | |
| | શાળાનાં બેબ સાઈટ | |
| શાળાનો પ્રકાર | ખાનગી/સરકારી | |
| | ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ | |
| | કુમાર/કન્યા/સંયુક્ત | |
| | પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/ બુનિયાદી | |
| | ગુજરાતી માધ્યમ/ અંગ્રેજી માધ્યમ | |
| | અન્ય | |

shikshansagar.com · Treasure of Education · શિક્ષણ સાગર

| શાળાનો ટાઈમ | સવાર | | બપોર | | અન્ય |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | કુમાર | કુમારી | કુમાર | કુમારી | નીલ |
| કુલ વિદ્યાથી | | | | | |
| શૈક્ષણિક સ્ટાફ | | | | | |
| બિન શૈક્ષણિક સ્ટાફ | | | | | પુ/સ્ત્રી |
| વહીવટી સ્ટાફ | | | | | પુ/સ્ત્રી |
| આચાર્યનું નામ | | | | | |
| સંપર્ક માહિતી | ટેલીફોન નંબર | | | | |
| | મોબાઈલ નંબર | | | | |
| | ફેક્સ નંબર | | | | |
| | ઈ-મેઈલ | | | | |

shikshansagar.com

# પ્રકરણ – ૨

## આફત જોખમ વિશ્લેષણ

હોનારતોએ એ એવી ઘટનાઓ કે ભૌતિક પરિસ્થિતિ છે કે, જેનાથી દુર્ઘટનાઓ, વ્યકિતઓ ઘાયલ થવી, માલમિલ્કતને નુકશાન, મૂળભૂત માળખાને નુકશાન, કૃષિ વિષયક નાશ તથા પર્યાવરણને હાનિ વ્યાપાર-ધંધા ખોરવાઈ જાય અથવા અન્ય પ્રકારની હાનિ કે નુકશાન થવાની પણ શકયતાઓ રહે છે.

જોખમએ શકયતાનું સંલગ્ન પાસું છે કે, જેનાથી હોનારત સર્જાય. જોખમને ભયજનક શકયતાઓ સાથે સરખાવ્યુ છે અથવા તો તેનાથી હાનિ કે નુકશાન પણ થઈ શકે છે.

નબળાઈ (અસમર્થતા)એ એવી પરિસ્થિતિ છે કે, જેમાં ભૂભાગની આપત્તિજનક પ્રાકતિક સ્થિતિ પ્રત્યે તેનું સર્જન કે સામયિક સમીપતાનાં તેના લક્ષણો દ્વારા માનવ વસવાટ, મકાનો, કૃષિ પાક અથવા માનવ સ્વાસ્થ્ય, વિષયક સમસ્યાઓ સર્જાય છે.

હોનારત, જોખમ તથા અસમર્થતા (નબળાઈ)ની આકારણીનો મુખ્ય ઉદ્દેશય કોઈપણ હોનારતનાં વૈકલ્પિક અનિશ્ચિતિ પરિણામો પર જોખમ આધારિત ઉપાયો શોધવાનો છે તથા નબળાઈઓ (અસમર્થતા)ઓ પણ ખાસ ધ્યાન આપવુ, હોનારત ઘટાડવી તથા પ્રતિકાર કરવા માટે સુસજજતા કેળવવાનો છે.

આ માટે ઓછામાં ઓછુ નુકશાન થાય તથા માનવ-જીવનને બચાવવામાં ઉભી થતી સમસ્યાઓ તથા શકય ઉપાયો અગાઉથી જ વિચારવામાં આવે છે.

**(અ) બિન–માળખાકીય આકારણી.**

ભૂકંપ થયા બાદ, લગભગ ૯૦%થી પણ વધુ નુકશાન બિન-માળખાકીય પ્રકારનું હોય છે. ભૂકંપ દરમ્યાન, મકાનો પડી જવાનાં કારણે ઘાયલ થનાર વ્યકિતઓની સંખ્યા સૌથી વધુ હોય છે.

બિન-માળખાકીય ઘટકોએ મકાનનાં એવા ઘટકો હોય છે કે, જે નિષ્ફળ જવાથી સમગ્ર મકાન પડી જશે નહી. આ ઘટકો ટેકા માટેનાં માળખાકીય ઘટકો ઉપર આધાર રાખે છે તથા પેરાફિટ (કઠેડો), બારી-દરવાજા જેવા બહારનાં ઘટકો તથા જીર્ણ થયેલ છત, બત્તીઓ જેવા અંદરનાં ઘટકો તથા એસી, ગેસ, પાણીનાં જોડાણની પાઈપો જેવી મકાનમાં રહેલી પાયાની આવશ્યકતાઓ તથા મકાનમાં રહેલા ટેબલ, ખુરશી, ફાઈલોનાં ઘોડા, કોમ્પ્યુટર, ફોટા વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે.

જોખમને નકકી કરવા તથા તેને ઘટાડવા માટે આ ઘટકોનાં કયાસને બિન-માળખાકીય કયાસ તરીકે ઓળખવામાં આવે છે.

- ગુજરાતમાં આફતની પરિસ્થિતિ, શાળાઓ માટે પૂર્વતૈયારીની જરૂરિયાત અને મહત્વ
- છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાતે જોયેલી આફતો
- અગાઉની આફતો પરથી શીખવા મળેલા બોધપાઠ

શાળાઓ માટે પૂર્વ તૈયારીની જરૂરિયાત અને મહત્વ

ગુજરાતમાં આફતોનો સિલસિલો સતત ચાલુ રહેલો છે. વધારે ભૂતકાળમાં ન જતાં જો આપણે માત્ર છેલ્લા પાંચ વર્ષોની જ વાત કરીએ તો ગુજરાત નીચે

દર્શાવેલ આફતોનો સામનો કરતું આવ્યું છે. એટલું જ નહિ, પરંતુ ૨૦૦૧ ની સાલની શરૂઆતમાં આવેલ વિનાશક ભૂકંપ ઉપરાંત ગુજરાતને વાવાઝોડાનો પણ સામનો કરવાનો વખત આવ્યો હતો, પરંતુ નસીબજોગે ભૂકંપ પછી ફરી પગભર થઈ રહેલ ગુજરાતને વાવાઝોડાએ બક્ષી દીધું હતું. સતત આફતને કારણે ગુજરાતની આર્થિક સ્થિતિ પણ ખૂબ જ નબળી બની છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતે જોયેલ આફતો

૧. ૧૯૯૭: મલેરિયા
૨. ૧૯૯૮: વાવાઝોડું
૩. ૧૯૯૯: સમગ્ર ગુજરાતમાં દુકાળની શરૂઆત અને ફરી વાવાઝોડું
૪. ૨૦૦૦: પૂર અને દુકાળ
૫. ૨૦૦૧: વિનાશક ભૂકંપ
૬. ૨૦૦૨: કોમી રમખાણો
૭. ૨૦૦૩: અમદાવાદ અને ભૂજમાં પૂર
૮. ૨૦૦૪: દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ
૯. ૨૦૦૬: ભારે વરસાદ
૧૦. ૨૦૧૩: ભારે વરસાદ
૧૧. ૨૦૧૯: કોવિડ-૧૯

ભૂકંપને કારણે મોટા પ્રમાણમાં થયેલી જાન-માલની હાનિ માટે મુખ્ય ત્રણ કારણો જવાબદાર છે.

(૧) પૂર્વતૈયારીનો અભાવ
(૨) મકાનોના બાંધકામમાં સાવચેતીનો અભાવ
(૩) અપૂરતી જાણકારી

આ ભૂકંપમાંથી શો બોધપાઠ લેવો જોઈએ ?

આ ભૂકંપમાંથી એ બોધપાઠ લેવાનો રહે કે હવે ભૂકંપ સામે પણ ગુજરાતે સજ્જ રહેવું પડશે. માત્ર પૂર્વતૈયારીમાં જ નહિ, પરંતુ બચાવ, રાહત અને પુન:સ્થાપનાની સમગ્ર પ્રક્રિયામાં કયાં પગલાં યોગ્ય હતાં, કયાં પગલાં લેવામાં ભૂલ થઈ અને કઈ બાબતો તરફ વધુ ધ્યાન આપવાની જરૂર છે. વગેરે બાબતો

સમજવાની ખૂબ જ જરૂર છે. આ બાબતોનું બારીકાઈથી વિશ્લેષણ ભવિષ્યની આફતોનો સામનો કરવામાં ચોકકસ ઉપયોગી થશે.

અગાઉની આફતો પરથી શીખવા મળેલા બોધપાઠ

૧. આફતો પહેલાં, ભાગ્યે જ અગાઉથી ચેતવણી મળે છે, કેમ કે આફત ખૂબ જ ઝડપથી ત્રાટકે છે.
૨. હાઈવે અને બીજા મહત્વના રસ્તાઓ મોટી આફત સમયે વપરાશ યોગ્ય રહેતા નથી.
૩. આફત સમયે ટેલિફોન અને સંદેશા-વ્યવહારનાં મહત્વનાં સાધનો કામ કરતાં નથી.
૪. ભૂકંપને કારણે કદાચ ડેમ નબળા બને અને તૂટી જાય, જેને કારણે પૂરની પરિસ્થિતિનું સર્જન થઈ શકે છે.
૫. મોટી આફતોમાં અસરગ્રસ્ત લોકોની સંખ્યા ખૂબ જ ઉંચી હોય છે. મૃત્યુ પામનાર અને ઘાયલોની સંખ્યા આપણી સ્વાસ્થ્ય સુવિધાની ક્ષમતા કરતાં ઘણી વધી જાય છે.
૬. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓની મદદ કરવાની ક્ષમતા મર્યાદિત છે તેની આફત સમયે એવી પરિસ્થિતિ ઉદભવી શકે કે શાળાઓએ અને આજુબાજુ રહેતા લોકોએ કેટલાક દિવસ આપબળ ઉપર નિભાવવું પડે.
૭. ભૂકંપના અભ્યાસ પરથી તારણ નીકળ્યું છે કે આફત સમયે ૯૫ ટકા બચાવકાર્ય માત્ર સ્થાનિક લોકો દ્વારા કરવામાં આવ્યું હતું. જો આવા સ્થાનિક લોકોની તાલીમબધ્ધ આફતનિવારણ ટુકડી રચવામાં આવી હોય તો આફત સમયનું નુકસાન ઘણું ઘટાડી શકાય.
૮. આફતના પ્રકાર અને તેની અસરો વિશેની માહિતી ઘણા બધા લોકોના જીવ બચાવી શકે છે.
૯. આફત સમયે અસરગ્રસ્ત લોકોને બચાવ અને રાહતકામની જરૂર તો પડે જ છે, પરંતુ સાથે સાથે સાચા માર્ગદર્શનની અને માનસિક સહાયની પણ ખૂબ જરૂરિયાત રહે છે.

૧૦.પૂર્વતૈયારી પાછળ ફાળવેલો સમય અને નાણાંનો ખર્ચ આફત સમયે બમણાં કરતાં પણ વધુ વળતર આપે છે અને આપણા સ્વજોના અમૂલ્ય જીવનનું રક્ષણ કરે છે.

શાળાઓ માટે પૂર્વતૈયારીની જરૂરિયાત અને મહત્વ

આફતો અત્યંત ઝડપથી અને અણધારી રીતે ત્રાટકે છે અને એટલે જ તે ઘણા મોટા પ્રમાણમાં જાન-માલની હાનિસર્જે છે. આફત સમયે જો સામાન્ય રીતે જોવામાં આવે તો જોખમે રહેલાં તત્વો અથવા ઘટકોમાં બાળકો સૌથી વધુ અસુરક્ષિત ગણી શકાય, કેમ કે તેઓ શારીરિક તેમજ માનસિક રીતે અફાતોનો સામનો કરવા માટે એટલાં સક્ષમ હોતા નથી. અને એટલે જ શાળાઓ અને બાળકોના વાલીઓએ આફત સામે આયોજન કરવું ખૂબ જ મહત્વનું બને છે.

બાળકો શાળામાં હોય અને જો તે જ સમય અણધારી આફત ત્રાટકે તો શિક્ષકો માટે અને શાળાના કર્મચારીઓ માટે, બધા જ વિદ્યાર્થીઓનું રક્ષણ કરવું ખૂબ જ કપરું બને છે. કેમ કે શાળામાં કામ કરતી વ્યકિતઓની સંખ્યા તે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા કરતાં ઘણી ઓછી હોય છે. વળી, આફત સમયે દરેક વિદ્યાર્થીની સુરક્ષા માટે શિક્ષકો અને સંચાલકોને જવાબદાર વ્યકિત તરીકે જોવામાં આવે છે. તેથી હવે જે રીતે આફતોની સંખ્યામાં વધારો થઈ રહ્યે છે તે જોતાં શાળાઓએ પોતે સાવચેત થવાની ખૂબ જ જરૂરિયાત છે.

પૂર્વતૈયારી એટલે આફતો સામેનું આપણું આયોજન કે જેથી આફતનું નિવારણ કરવું શક્ય બને. આફતો પહેલાં જો આયોજન પાછળ શાળાઓ થોડો સમય અને નાણા ખર્ચે તો આફત સમયે થતી જાન-માલની હાનિને ઘટાડી અથવા અટકાવી શકાય છે, જયારે પણ કુદરતી કે માનવસર્જિત આફત આવે છે ત્યારે બચાવ અને રાહતકામની શરૂઆત સામાન્ય રીતે સરકાર કે સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવે છે, પરંતુ આ કામગીરી પ્રમાણમાં મોડી સાબિત થઈ છે કારણ કે બચાવના કાર્ય માટે આફતના સ્થળે બચાવટુકડી કે દળની હાજરી ખૂબ જ નિર્ણાયક સાબિત થાય છે અને આ સમયસર કરવામાં આવતી કામગીરી હજારો લોકોના જીવ બચાવી શકે છે.

ઉપરાંત લાખો રૂપિયાની માલહાનિ થતી અટકાવી શકે છે. આથી જો આપણે આપણી શાળાઓ માટે પણ આવી ટુકડીઓ બનાવી હોય તો તે કોઈ સંસ્થા કે સરકાર કરતાં વધુ સારું કામ કરી શકે કેમ કે તેઓ આફતની જગ્યાએ હાજર હોય છે અને તેઓ બચાવ અને રાહતકાર્ય માટે ઝડપથી આપમેળે નિર્ણયો લઈ તેનો અમલ કરી શકે છે.

વધુ ઉંડાણમાં ન જતાં આપણે જો ૨૬મી જાન્યુઆરીના રોજ આવેલ ભૂકંપની જ વાત કરીએ તો પૂર્વતૈયારી અને આફત સામેના આયોજનની અવગણનાને કારણે થયેલ નુકસાનનો આંકડો કાઢવો ખૂબ જ કઠિન છે. આ દિવસે બાળકો ધ્વજવંદન કરવા શાળાએ ગયાં હતાં અને અચાનક ભૂકંપને કારણે કેટલાંય બાળકોને ઈજા થઈ અને કેટલાંકે પોતાના જીવ ગુમાવ્યા. આ પરિસ્થિતિમાં જાન-માલની હાનિ માટે કુદરતને જવાબદાર ઠેરવવી કે આપણી બેજવાબદારીને તે એક પ્રશ્ન છે, પરંતુ એક વાત ચોક્કસ છે કે હવે ફરી કોઈ દુર્ઘટના થશે અને જો આપણે પૂર્વતૈયારી નહિ કરી હોય તો તેનાં માઠાં પરિણામો માટે માત્ર આપણે અને આપણે જ જવાબદાર હોઈશું.

ભૂકંપને કારણે શાળાઓ ઉપર અને તેના વિદ્યાર્થીઓ ઉપર પડેલી અસરોના કેટલાંક દાખલા નીચે આપેલાં છે, જે પૂર્વ તૈયારી અને આફત સામેના આયોજનની તરફેણ કરે છે.

- ભૂકંપમાં આપણે અનુભવ્યું તેમ શાળાઓને પણ ગંભીર નુકશાન થયું છે. જેનાં ઉદાહરણો આપણી સામે જ છે.
- જાન્યુઆરી ૨૬, ૨૦૦૧ના ભૂકંપમાં અંજારમાં ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા.
- એ જ દિવસે અમદાવાદમાં પણ ૩૧ જેટલાં બાળકો શાળાના કાટમાળમાં દટાઈને મૃત્યુ પામ્યાં.
- જૂન ૧૨, ૨૦૦૧ના દિવસે અમદાવાદમાં નરોડાની એક શાળાનો સ્લેબ તૂટી પડયો.
- જૂન ૧૫, ૨૦૦૧ના દિવસે અમદાવાદમાં મણિનગરમાં એક શાળાના ત્રણ માળ તૂટી પડયા.

- જૂન ૨૬, ૨૦૦૧ના દિવસે અમદાવાદમાં બાપુનગરની એક શાળાનો સ્લેબ તૂટતાં એક બાળકનું મૃત્યુ થયું.

જુલાઈ ૧૮, ૨૦૦૧ના દિવસે અમદાવાદમાં એક શાળામાં ભાગદોડ મચતાં ત્રણ બાળકો મૃત્યુ પામ્યાં.

ઉપરના દાખલા બતાવે છે કે આપણી શાળાઓ આફતો સામે વધુ ને વધુ અસલામત બની રહી છે. અમદાવાદની શાળામાં ભાગદોડની દુર્ઘટનાથી સ્પષ્ટ થાય છે કે કુદરતી આફત ત્રાટકી ન હોય તેવા સંજોગોમાં પણ શાળામાં દુર્ઘટના સર્જાઈ શકે છે અને તેથી જ હવે શાળામાં ભણતાં બાળકોની સલામતી વધુ જોખમાય નહીં તે માટે દરેક શાળાને આફત સામે સજ્જ કરવી અનિવાર્ય છે.

**નોંધ:–** ભૂતકાળમાં આવેલ આપત્તિનાં અનુભવનાં આધારે આપની શાળામાં અથવા તો શાળાની આસપાસનાં વિસ્તારમાં રહેલ જોખમનાં કારણે સંભવિત નુકશાન કે આપત્તિ વિશે ટૂંકમાં આ પેજમાં એડ કરવું.

| ક્રમ | બિનમાળખાકીય સમસ્યાનો પ્રકાર | સ્થળ | સમસ્યા દુર કરવા માટે | જવાબદારી |
|---|---|---|---|---|
| ૧ | ફાઈલ કેબિનેટ | | | |
| ૨ | કબાટ | | | |
| ૩ | ફાઈલ મુકવાનાં ઘોડા | | | |
| ૪ | કોમ્પ્યુટર | | | |
| ૫ | સ્ટોરેજ કેબિનેટ | | | |
| ૬ | લટકાવેલ કેબિનેટ | | | |
| ૭ | અગ્નિ શમક યંત્ર | | | |
| ૮ | ફ્રીઝ | | | |
| ૯ | દિવાલમાં લટકાવેલ વસ્તુઓ | | | |
| ૧૦ | લાઈટનાં થાભલા | | | |
| ૧૧ | લટકાવેલ લાઈટ | | | |
| ૧૨ | બલેક બોર્ડ | | | |
| ૧૩ | પ્રોજેક્ટરની સ્ક્રીન | | | |
| ૧૪ | એ.સી. | | | |

shikshansagar.net The King of Education શિક્ષણ સાગર

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ઈલેક્ટ્રીકલ વાયર | | | |
| ૧૬ | પેનલ બોર્ડ | | | |
| ૧૭ | ગલેઝ પાર્ટીશન | | | |
| ૧૮ | અન્ય | | | |

નોધ:- ઉપરોક્ત યાદી દર્શાત્મક છે. હોનારત, જોખમ તથા અસમર્થતાનો ક્યાસ કરતી વખતે, જો તેમને યોગ્ય લાગે તો ઉપરોક્ત યાદીમાં વધુ વિગતો શાળાઓ ઉમેરી શકે છે.

## (બ) માળખાકીય આકારણી.

મકાનનાં માળખાકીય ઘટકો મકાનનાં માળખાકીય અંગો છે કે, જેથી મકાન બનેલુ છે. તેમાં પાયો કોલમ્સ, બીમ્સ, ફ્લોરની પદ્ધતિ, છત્તની પદ્ધતિ તથા માળખાકીય અંગ, મકાનનાં સંપૂર્ણ માળખાને ધરાશાયી કરી શકે છે. મકાનનાં આ માળખાકીય અંગોનાં ક્યાસને માળખાકીય ક્યાસ તરીકે ઓળખવામાં આવે છે.

| ક્રમ | માળખાકીય સમસ્યાનો પ્રકાર | સ્થળ | સમસ્યા દુર કરવા માટે | જવાબ દારી |
|---|---|---|---|---|
| ૧ | સીસ્મેસીક બેન્ડની ઉપસ્થિતિ | | | |
| ૨ | બિલ્ડીંગમાં ફ્લોટીંગ કોલમ | | | |
| ૩ | બિલ્ડીંગમાં શોર્ટ કોલમ | | | |
| ૪ | બિલ્ડીંગમાં એક્સ્પેન્સન જોઈન્ટ | | | |
| ૫ | દિવાલમાં ખુલ્લી જગ્યા (બારી,બારણા) | | | |
| ૬ | બિમની માહિતી | | | |
| ૭ | કોલમની માહિતી | | | |
| ૮ | પગથીયાની પહોંળાઇ | | | |
| ૯ | છત્ત | | | |
| ૧૦ | કોક્રેટ દિવાલની વિગત | | | |
| ૧૧ | ઉંચાઇ | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | પ્રવેશ માર્ગની પહોંળાઈ | | | |
| ૧૩ | બિલ્ડીંગમાં તિરાળોની વિગત | | | |
| ૧૪ | ખુલ્લી જગ્યાની વિગત | | | |

(સી) શાળા પરિસરની બહાર હોનારતો ઓળખવી.

| ક્રમ | જોખમનો પ્રકાર | સ્થળ | જોખમ ઘટાડવા માટેની જરૂરીયાત |
|---|---|---|---|
| ૧ | આસ-પાસ કેમિકલ કારખાના | | |
| ૨ | હાઈ ટેન્સન વિજળી લાઈન | | |
| ૩ | પેટ્રોલપંપ | | |
| ૪ | પ્રોસેસીંગ યુનીટ | | |
| ૫ | જુની ઈમારત | | |
| ૬ | ઈલેક્ટ્રીકલ પોલ | | |
| ૭ | ખેતીવાડી ઉત્પાદનનાં પ્લાન્ટ | | |
| ૮ | ઓઈલ પાઈપ લાઈન | | |
| ૯ | ગેસ પાઈપ લાઈન | | |
| ૧૦ | ખુલ્લી ગટર/ખુલ્લા કુવા/બોર | | |
| ૧૧ | નદી-નાળા ચેકડેમ | | |
| ૧૨ | હાઈ-વે | | |
| ૧૩ | જોખમ પદાર્થનો સંગ્રહ કરતુ ગોડાઉન | | |

shikshansagar.com શિક્ષણ સાગર



| (ડી) શાળા અસરગ્રસ્ત થઈ હોય તેવી ભૂતકાળની આપત્તિઓ/અકસ્માતો. | આપત્તિ/અકસ્માત | વિગત |
|---|---|---|
| ૧ | ધરતીકંપ | |
| ૨ | વાવાઝોડું | |
| ૩ | પુર | |
| ૪ | સુનામી | |
| ૫ | વિજળી | |
| ૬ | રોડ અકસ્માત | |
| ૭ | બોમ્બ બ્લાસ્ટ | |
| ૮ | કોમીનલ રમખાણ | |
| ૯ | આત્મવિલોપન | |
| ૧૦ | પશુ જન્ય રોડ | |
| ૧૧ | ધક્કા-મૂક્કી | |
| ૧૨ | રસાયણીક અકસ્માત | |
| ૧૩ | ખાદ્યપદાર્થમાં ઝેર | |
| ૧૪ | રોગચાળો (સ્વાઈન ફ્લુ, શીતળા, ઓરી, અછબડા) | |
| ૧૫ | ન્યુકિલઅર અને રેડિયોલોજીકલ | |

shikshansagar.com · The Kingdom of Education

(ઈ) શાળા પરિસરમાં ભયજનક વિસ્તારો નકકી કરવા.

| ક્રમ | સંવેદનસીલ વિસ્તાર | સ્થળ | લાંબાગાળાની યોજના |
|---|---|---|---|
| ૧ | રસાયણ શાસ્ત્રની લેબોરેટરી | | |
| ૨ | ભૌતિક શાસ્ત્રની લેબોરેટરી | | |
| ૩ | જીવવિજ્ઞાનની લેબોરેટરી | | |
| ૪ | સાંકડી સીડી | | |
| ૫ | જુનું સીલીંગ | | |
| ૬ | ઓપન ઈલેકટ્રીકલ વાયર | | |

| | | | |
|---|---|---|---|
| ૭ | રસોડું | | |
| ૮ | અયોગ્ય લાઈટનીંગવાળા કોરીડોર્સ | | |
| ૯ | અયોગ્ય ચઢાણ | | |
| ૧૦ | અન્ય | | |

# પ્રકરણ – ૩

## તૈયારી (સુસજ્જતા)

સુસજ્જતા એટલે એવી પ્રવૃત્તિઓ કરવી કે જે વિવિધ હોનારતોનાં જોખમોને ઘટાડે, પ્રતિકાર કામગીરી અસરકારક બનાવે તથા ક્ષમતામાં વૃધ્ધિ કરે તે હેતુ સાથેની હોય છે. આપત્તિ સામેની તૈયારી આપત્તિની અસરો ઘટાડવા માટે આપત્તિની પરિસ્થિતિ ઉભી થાય તે પહેલા પ્રતિકાર ક્ષમતામાં વધારો કરવો. શાળાનાં કર્મચારીઓ માટે કોઈપણ આપત્તિની પરિસ્થિતિને પ્રતિકાર કરવા કટિબધ્ધ થવુ એ ખૂબ જ મહત્વની બાબત છે. બાળકો કે જેઓ આવતીકાલનું ભાવિ છે. તેમને સુરક્ષિત શિક્ષણ પર્યાવરણ મળવુ જોઈએ તથા કોઈપણ કટોકટીની પરિસ્થિતિનો પ્રતિકાર કરવા માટે થવુ જોઈએ. આનો મહાવરો કરવા એવુ સુચન કરવામાં આવે છે કે, દરેક શાળાએ, આપત્તિમાં વધુ સારી તૈયાર તથા પ્રતિકાર કરવા માટે પેટા સમિતિઓ/ટીમો સહિત શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિની રચના કરવી જોઈએ.

જોખમને ઓળખવુ

↓

જોખમની અસરોને તપાસવી

↓

અસર પામવાની શકયતાવાળા વર્ગની જરૂરિયાત તપાસવી (આફત પહેલા, વખતે અને પછી)

↓

આફત નિવારણની પ્રવૃતિ તેમ જ જવાબદારીની ઓળખ તથા

સાધન-સરજામ નકકી કરવા

આયોજનનું અમલીકરણ

શકય હોય તો આફત આવી હોય તેવી પરિસ્થિતિનું સર્જન કરીને તાલીમ આપવી તથા મોકડ્રીલ યોજવી

**(એ) શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિની રચના. (એસડીએમસી)**

શાળાએ પ્રતિકાર યોજના અંગે વિવિધ તૈયારીઓ તથા શમન, પ્રવૃતિઓનાં સંચાલન માટે શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ ની રચના કરેલ છે. એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) સમગ્ર વર્ષ દરમ્યાન કાર્યરત રહેશે. એસડીએમસી એ (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ આ પ્રકારની પ્રવૃતિઓથી સુમાહિતગાર થાય તે માટે વિવિધ પ્રવૃતિઓનું સંચાલન તથા કોઈપણ કટોકટીની પરિસ્થિતિ સામે પ્રતિકાર કરવા તેમને તાલીમબધ્ધ કરવા માટે આયોજન કરવામાં આવેલ છે. એસડીએમસી એ (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) વિવિધ સ્ટેક હોલ્ડરોને એક છત્ર નીચે લાવવા માટેનાં પ્રયત્નો નિયમિત શાળા દ્વારા કરવામાં આવે છે. જેથી દરેક સ્ટેક હોલ્ડરનો સતત પ્રયાસ, શિક્ષણ માટે સલામત વાતાવરણ તથા નિરવ શાંતિ સહિતની શાળા માટેનું વાતાવરણ પણ ઉભુ કરવામાં મદદરૂપ થશે.

shikshansagar.com

**શાળાનું નામ:-.**

| ક્રમ | નામ | સ્કુલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટી (હોદો) | મોબાઈલ નંબર |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |
| ૭ | | | |
| ૮ | | | |
| ૯ | | | |
| ૧૦ | | | |
| ૧૧ | | | |
| ૧૨ | | | |
| ૧૩ | | | |
| ૧૪ | | | |
| ૧૫ | | | |
| ૧૬ | | | |
| ૧૭ | | | |
| ૧૮ | | | |
| ૧૯ | | | |
| ૨૦ | | | |

.shikshansagar.com. The King of Education શિક્ષણ સાગર

**(બી) એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) પેટા સમિતિની રચના. (આપત્તિ વ્યવસ્થાપન માટે શાળામાં)**

- ✓ નીચેની વિગત પેટા - સમિતિઓ/ટુકડીઓની રચના કરવામાં આવેલ છે અને તે એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) હેઠળ કામગીરી કરશે. આ તમામ ટાસ્ક ફોર્સમાં શાળાનાં શિક્ષકની અધ્યક્ષતામાં બનાવવામાં આવેલ છે. તમામ ટાસ્કફોર્સમાં ૫ થી ૭ વિદ્યાર્થીઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.
- ✓ જાગૃતિ કેળવણી તથા સંદેશાવ્યવહાર ટુકડી.
- ✓ પ્રાથમિક સારવાર ટુકડી.
- ✓ શોધ અને બચાવ ટુકડી.
- ✓ સ્થળાંતર ટુકડી.
- ✓ સ્થળ સુરક્ષા ટુકડી.
- ✓ વાહનવ્યવહાર વ્યવસ્થાપન ટુકડી.√ આગ સામે સુરક્ષા ટુકડી.

**(સી)કાયમી જંગમ ચીજવસ્તુઓ.**

૧. શાળા પરિસરમાં ઉપલબ્ધ હોય તેવી કાયમી જંગમ ચીજવસ્તુઓની યાદી.

| ક્રમ | રિસોર્સ | સંખ્યા | રિમાર્ક્સ |
|---|---|---|---|
| ૧ | પ્રાથમિક સારવાર બોક્ષ | | |
| ૨ | અગ્નિ શમક યંત્ર | | |
| ૩ | બેટ્રી (ટોર્ચ) | | |
| ૪ | જાડી રસ્સા-રસી | | |
| ૫ | રેતીની ડોલ | | |
| ૬ | કોમ્પ્યુટર લેબ | | |
| ૭ | ભૌતિક વિજ્ઞાનની લેબોરેટરી | | |
| ૮ | જીવ વિજ્ઞાનની લેબોરેટરી | | |
| ૯ | રસાયણ શાસ્ત્રની લેબોરેટરી | | |
| ૧૦ | કેન્ટીન | | |

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

| | | | |
|---|---|---|---|
| ૧૧ | પીવાલાયક પાણી | | |
| ૧૨ | સંડાસ-બાથરૂમ | | |
| ૧૩ | શાળાનું રમત-ગમતનું મેદાન | | |
| ૧૪ | લાઈબ્રેરી | | |
| ૧૫ | કલાસરૂમ (કલાસ, સ્ટાફ રૂમ, પ્રિન્સીપલ/ વહીવટી | | |
| ૧૬ | હોસ્ટેલ | | |
| ૧૭ | એડીટોરીયમ | | |

(૨) શાળા પરિસરની બહાર ૫ કી.મી.નાં અંતરમાં ઉપલબ્ધ વસ્તુઓની ચાદી.

| ક્રમ | રિસોર્સ | સંખ્યા | રિમાર્કસ |
|---|---|---|---|
| ૧ | હોસ્પિટલ | | |
| ૨ | પોલીસ સ્ટેશન | | |
| ૩ | ફાયર સ્ટેશન | | |
| ૪ | બ્લડ બેંક | | |
| ૫ | દવાની દુકાન | | |
| ૬ | સામાજીક સંસ્થા | | |
| ૭ | સિવિલ ડિફેન્સ/હોમગાર્ડ | | |
| ૮ | સસ્તા અનાજનાં દુકાનદાર | | |
| ૯ | હોટલ | | |
| ૧૦ | ધાર્મિક સ્થળ (મંદિર, મસ્જીદ, ચર્ચ) | | |
| ૧૧ | અન્ય | | |

www.shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

## (ડી) શાળાનો નકશો.

શાળાનો નકશોએ યોજનાનો આવશ્યક ભાગ છે. તેમાં સમગ્ર શાળા અને આજુ-બાજુનાં વિસ્તારનું પ્રાથમિક પરિસ્થિતિ વિષયક માહિતી

(વર્ગીકરણ) હોવુ જરૂરી છે. જે પૈકી ૩ પ્રકારનાં નકશાઓ હોવા જોઈએ કે જે શાળા આપત્તિ વ્યવસ્થાપન યોજના હેઠળ તૈયાર કરાવવા જરૂરી છે.

૧. શાળાનો ભૌતિક નકશો (જુઓ પરિશિષ્ટ-૨)

- ✓ શાળા ભૌતિક નકશામાં નીચેની માહિતીનો સમાવેશ કરવો જોઈએ.
- ✓ શાળામાં વર્ગખંડોની સંખ્યા
- ✓ સ્ટાફ રૂમોની સંખ્યા
- ✓ આચાર્ય અને ઉપાચાર્યનાં રૂમ
- ✓ શૌચાલય અને અન્ય રૂમ
- ✓ ભૌતિકવિજ્ઞાન, રસાયનશાસ્ત્ર, જીવવિજ્ઞાન તથા કોમ્પ્યુટર જેવી વિવિધ લેબ્સ.

રમતનું મેદાન તથા ખુલ્લી જગ્યા.

૨. ચીજવસ્તુઓનો નકશો (પરિશિષ્ટ-૩)

- ✓ આ નકશામાં નીચેની માહિતીનો સમાવેશ હોવો જોઈએ.
- ✓ શાળા પરિસરમાં ઉપલબ્ધ અગ્નિશામક યંત્ર, દોરડાં, પ્રાથમિક સારવાર પેટી વિગેરે જેવી અગત્યનાં સાધનો.
- ✓ ફાયર સ્ટેશન, હોસ્પિટલ/પી.એચ.સી., પોલીસ સ્ટેશન, નાગરિક સંરક્ષણ કચેરી, પોલીસ સ્ટેશન, ઈ.ઓ.સી. વિગેરે જેવા નજીકમાં ઉપલબ્ધ સાધનો.
- ✓ નજીકનું બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ઓટો રિક્ષા સ્ટેશન.

શાળા પરિસર નજીક આવેલા તળાવ, નદીઓ, ખુલ્લા મેદાનો, દરિયાકિનારો વગેરે જેવા ભૌગોલિક સ્થળો.

3. સ્થળાંતર નકશો (જુઓ પરિશિષ્ટ-૪)

- ✓ આ નકશામાં નીચેની માહિતી હોવી જોઈએ.
- ✓ સ્થળાંતરણ માટેનાં રૂટમાં બધી જ સીડીઓ, બારી બારણાં દર્શાવેલા હોવા જોઈએ.
- ✓ સ્થળાંતરણ માટે બહાર નીકળવાનાં માર્ગો સ્પષ્ટ રીતે દર્શાવેલા હોવા જોઈએ.

✓ સ્થળાંતરણમાં વર્ગખંડ, સ્ટાફરૂમ વગેરેમાંથી બહાર જવાનાં વિવિધ માર્ગો દર્શાવેલ હોવા જોઈએ.

✓ સ્થળાંતરણ નકશો શાળામાં વિવિધ સ્થળોએ રાખવો જોઈએ તથા તેને લાલ રંગમાં “તમે અહીં છો” તે દર્શાવવુ જોઈએ કે જેથી જે કોઈ નકશાનો ઉપયોગ કરે તેને નજીકનો બહાર નવાનો માર્ગ તથા સ્થળાંતરણનો માર્ગ પણ મળી શકે.

શક્ય હોય તો વૈકલ્પિક માર્ગો પણ દર્શાવવા.

**(ઈ) શાળામાં વિવિધ જાગૃતિકરણ માટે વાર્ષિક કેલેન્ડર.**

વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં જાગૃતિ આવે તેમાં સુસજજતા પ્રવૃતિઓ ચલાવવા માટે અન્ય સ્ટેક હોલ્ડરોનાં પરામર્શમાં રહીને શાળા વહીવટી તંત્ર (એસડીએમસી) દ્વારા વાર્ષિક કેલેન્ડર તૈયાર કરવામાં આવેલ છે. આ કેલેન્ડર મુજબની પ્રવૃતિઓ થી વિદ્યાર્થીઓની ક્ષમતાવૃધ્ધિ થશે જાગૃતિ પણ કેળવશે.

| મહિનો / સુસજજતા પ્રવૃતિઓ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટે | ઓકટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પોસ્ટર | | | ● | | | | | | | | | |
| ચર્ચાસભા | | | | | | | | | | | | |
| ક્વીઝ | ✓ | | | | | | | | | | | |
| ફિલ્મ સ્ક્રીંગ | | | | | | | | | | | | |
| રેલી | | | | | | | | | | | | |
| સ્થળની મુલાકાત | | | | | | | | | | | | |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહાનુભાવોનાં પ્રવચન | | | | | | | | | | | | |
| નિદર્શન | | | | | | | | | | | | |

## (એફ)મોકડ્રીલ (કૃત્રિમકવાયત) માટેની કાર્ય યોજના.

મોકડ્રીલએ સુસજજતા પ્રવૃત્તિનો ભાગ છે અને તે શાળા સલામતી તથા ક્ષમતાવર્ધન હેઠળ અગત્યની બાબત છે, તેથી શાળામાં નિયમિત રીતે મોકડ્રીલ્સનું આયોજન કરવુ જોઈએ. વિગતવાર માહિતી માટે જીએસડીએમએ દ્વારા તૈયાર કરાયેલ મોકડ્રીલનાં સંચાલન માટે માર્ગદર્શકાઓ મળી રહેશે.

| હિનો / મોક ડ્રીલ | જા ન્યુ | ફે બ્રુ | મા ર્ચા | એપ્રિ લ | મે | જુ ન | જુલા ઈ | ઓગ ષ્ટ | સ પ્ટે | ઓક ટો | ન વે | ડિ સે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભૂકંપ | | | | | | | | | | | | |
| આગ | | | | | | | | | | | | |
| પુર | | | | | | | | | | | | |
| સુનામી | | | | | | | | | | | | |
| વાવાઝોડુ | | | | | | | | | | | | |
| ઔદ્યોગીક અકસ્માત | | | | | | | | | | | | |

## (જી) ક્ષમતાવર્ધન અને તાલીમ

શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા અન્ય કર્મચારીઓ માટે ક્ષમતાવર્ધન તથા તાલીમ અગત્યની બાબતો છે. કોઈપણ કટોકટીની પરિસ્થિતિનાં પ્રતિકાર માટે શાળાનાં કર્મચારીઓ મુળભૂત આપત્તિ વ્યવસ્થાપન કામગીરીમાં તાલીમબધ્ધ હોવા જોઈએ. એસડીએમસી ને (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) આપત્તિ વ્યવસ્થાપનની મુળભૂત પરિસ્થિતિનાં અસરકારક વ્યવસ્થાપન માટે તેમનાં સંબંધિત ક્ષેત્રોમાં તાલિમબધ્ધ હોવી જોઈએ.

શાળા સંચાલક મંડળે જીએસડીએમએ, સ્થાનિક ફાયર સ્ટેશન, આરોગ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન તથા નાગરિક સંરક્ષણનાં પરામર્શમાં રહીને વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન વર્ષ દરમ્યાન કરશે.તાલીમ અંગેનું આયોજનનું વાર્ષિક કેલેન્ડર આ હેતુ માટે તાલીમ કેલેન્ડર પણ તૈયાર કરવુ જોઈએ

| મહિનો/ તાલીમ | જાન્યુ | ફેબ્રુ | માર્ચ | એપ્રિલ | મે | જુન | જુલાઈ | ઓગષ્ટ | સપ્ટે | ઓક્ટો | નવે | ડિસે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ્રાથમિક સારવાર | | | | | | | | | | | | |
| શોધ અને બચાવ | | | | | | | | | | | | |
| મુળભૂત આપત્તિ વ્યવસ્થાપન તાલીમ | | | | | | | | | | | | |
| શિક્ષકો માટેની તાલીમ | | | | | | | | | | | | |
| સ્થળાંતર માટેની તાલીમ | | | | | | | | | | | | |
| મુળભૂત સીપીઆર તાલીમ | | | | | | | | | | | | |
| આગ સલામતી માટેની તાલીમ | | | | | | | | | | | | |

# પ્રકરણ – ૪

## પ્રતિકાર

### આફત સામે શાળાની સલામતી

પૂર, વાવાઝોડું, ભૂકંપ, આગ વગેરે આફતોના સમયે આપણને અનુભવ છે કે શાળાના મકાનને નુકસાન પહોંચે, શિક્ષણની સાધનસામગ્રી નાશ પામે અને ખાસ તો, બાળકો તથા શિક્ષકો અને અન્ય કર્મચારીઓની સલામતી જોખમાય. આફત વીતી ગયા પછી શાળાનું ભણતર મૂકી દેનારાં બાળકોની સંખ્યા વધી જાય છે. આ બધાં જોખમો સામે શાળાનું શિક્ષણકાર્ય અને બાળકો શિક્ષણ-કર્મચારીઓને સલામત બનાવવાના ઉપાય કયા હોઈ શકે ?

જાન્યુઆરી ૨૬, ૨૦૦૧ના ભૂકંપ અને ત્યાર પછી ચોમાસાની શરૂઆતના સમયમાં શાળાઓને જે નુકસાન થયું છે, તેના આધારે ભણતર અને વિદ્યાર્થીઓ બંનેને સલામત બનાવવા માટે શાળાના સંચાલકો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ શું શું કરી શકે તેનાં સૂચનો અહીં આપવામાં આવ્યાં છે:

**શાળના સંચાલકોએ શું કરવું ?**

- શાળાના મકાનનું બાંધકામ આફતની સ્થિતિને ધ્યાનમાં રાખીને જ કરો. દાખલા તરીકે, શાળામાં સીડી એકસાથે ત્રણ મોટી વ્યકિત સહેલાઈથી ચડી કે ઉતરી શકે તેટલી પહોળી હોવી જોઈએ, મકાનમાં શક્ય એટલી ખુલ્લી જગ્યા હોવી જોઈએ, મોટું મેદાન હોવું જોઈએ.
- નિયત સમયના અંતરે, શાળાનું મકાન કેટલું સલામત છે તેની અધિકૃત ઈજનેર દ્વારા ચકાસણી કરાવવી જોઈએ.
- શાળાની મુખ્ય કચેરીમાં આફત સમયે ઉપયોગી ફોન નંબરો ભીંત પર જ લગાવી રાખો. શિક્ષકો અને અન્ય કર્મચારીઓને તેની યાદી આપી રાખો.

- દર વર્ષે ઓછામાં ઓછું એકવાર, આફત નિવારણના નિષ્ણાંતને શાળામાં બોલાવી આફત સામેનું ચોકકસ આયોજન તૈયાર કરો. આફત સમયે કયા શિક્ષક અને કર્મચારીને શું કરવું તેની જવાબદારી નકકી કરો.
- આ સાથે, બાળકોને તેમ જ શિક્ષકોને આફત સમયે લેવાનાં પગલાંની તાલીમ આપવી જોઈએ. નિષ્ણાંતના માર્ગદર્શન હેઠળ, આફત સમયની બનાવટી સ્થિતી ઉભી કરી, આયોજનમાં શી ખામી રહી છે તે ચકાસો.
- આફતમાં ઉપયોગી થઇ શકે તેવાં સાધનો (દાખલા તરીકે આગ હોલવવાનો પંપ) ચાલુ સ્થિતિમાં હોવાં જોઈએ. પ્રાથમિક સારવારનાં સાધનો, નિસરણી, દોરડું વગેરે બચાવનાં સાધનો તૈયાર રાખો.
- બાળકોમાં આફતનિવારણ અંગેની સમજણ સ્પષ્ટ બને તે માટે આફતનિવારણના વિષય સ્પર્ધાનું આયોજન કરો.
- શાળાના કાર્યકરો, વાલીઓ અને વિદ્યાર્થીઓની મદદથી આફતનિવારણનું માળખું તૈયાર કરો.
- વાલીઓ સાથે બેઠક યોજી આફત સામે શાળાના આયોજનની વિગતો તેમને સમજાવો અને તેમનાં સૂચનો અનુસાર આયોજનમાં ફેરફાર કરો.

**શાળાના શિક્ષકોએ શું કરવું ?**

- શિક્ષક જેમ બાળકના જીવનઘડતરમાં બહુ મહત્વનો ફાળો આપે છે તેમ આફત સમયે બાળકની સલામતીનો બહુ મોટો આધાર શિક્ષકો પર હોય છે.
- આફત ત્રાટકે ત્યારે શિક્ષકે પોતે સ્વસ્થ રહેવું અને બાળકોને પણ સ્વસ્થ રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ. ખાસ તો, બાળકો ગભરાઈને નાસભાગ કરી ન મૂકે તે જોવું અત્યંત મહત્વનું છે.
- આફત સમયે બાળકને સલામત રીતે વર્ગખંડમાંથી બહાર કાઢી મેદાનમાં કે અન્ય સલામત સ્થળે લઈ જવાના સહેલા રસ્તા વિચારી રાખો. કોઈ બાળક વર્ગમાં ન રહી જાય તેનું ખાસ ધ્યાન રાખવું.
- શાળના સંચાલકોએ આફત સમયનું શાળાનું આયોજન તૈયાર કર્યુ હોય તેમાં શિક્ષકોએ ખાસ રસ લઈ પોતાની જવાબદારીઓ બરાબર

સમજી લેવી જોઈએ. બાળકોને પણ અવારનવાર આ આયોજન વિશે જણાવતાં રહો.

- શિક્ષકોએ આફત સમયે બાળક ઈજાગ્રસ્ત બને તો તેની પ્રાથમિક સારવાર કરવાની તાલીમ પણ લેવી જોઈએ.
- બાળકો ડરી ન જાય એ રીતે તેમને સંભવિત આફતો અને તેની અસરો વિશે જણાવવું જોઈએ, જેથી આફત સમયે બાળક ડર્યા વિના હિંમતપૂર્વક તેનો સામનો કરી શકે.
- આફત સમયે બાળકની સલામતીનો મુખ્ય આધાર શિક્ષક પર હોય છે. શિક્ષકો જેટલા સજજ અને સચેત હોય એટલું આફત સામેનું આયોજન વધુ અસરકારક નીવડે છે.

આફત સમયે ઉપયોગી નીવડે તેવા ફોન નંબરોની યાદી શિક્ષકોએ હંમેશા હાથવગી રાખવી જોઈએ

**<u>વાલીઓએ શું કરવું ?</u>**

- સૌથી પહેલાં તો, બાળકને વિવિધ પ્રકારની આફતો શા માટે ત્રાટકે છે અને તેની અસરો કેવી હોય તે સમજાવો. બાળક ડરી ન જાય એ રીતે તેને આ વિગતો સમજાવો. બાળકને આફત અને તેની અસરો વિશે વૈજ્ઞાનિક સમજણ આપી શકાય તો આફત સમયે તે પોતાને બચાવ વધુ અસરકારક રીતે કરી શકાશે.
- બાળકને આફત સમયે તેણે શાં પગલાં લેવાં જોઈએ તે પણ ખાસ ધ્યાનપૂર્વક અને વિગતવાર રીતે સમજાવો. શક્ય હોય તો બાળકને ટેલીફોનનો ઉપયોગ સમજાવી અગત્યના ટેલીફોન નંબરોની યાદી તેને આપી રાખો.
- આફતના સંજોગોમાં, ઘરના સભ્યોનો સંપર્ક કેવી રીતે કરવો અથવા ઘેર પહોંચવું શક્ય ન હોય તો શાળા નજીક રહેતા કયા સંબંધીનો સંપર્ક કરવો તે પણ બાળકને સમજાવો.

shikshansagar.com

- બાળકની શાળાના સંચાલકો, આચાર્ય અને શિક્ષકોને મળી તેમણે કોઈપણ પ્રકારની આફતના સામના માટે શાળાનું પોતાનું આયોજન તૈયાર કર્યુ છે કે નહીં તે જાણો.
- જો આયોજન તૈયાર કરવામાં આવ્યું ન હોય તો તેનું મહત્વ તેમને સમજાવી શાળાનું આયોજન તૈયાર કરવામાં તેમને મદદ કરો.
- જો આયોજન તૈયાર કરવામાં આવ્યું હોય તો તેમાં વાલીઓની શી ભૂમિકા વિચારવામાં આવી છે તે જાણો. આયોજનમાં સક્રિય રસ લઈને તેને વધુ અસરકારક બનાવવા માટે સૂચનો આપો.
- આફત વીતી ગયા પછી શાળામાં શિક્ષણકાર્ય જેટલું વધુ ઝડપથી પૂર્વવત્ થાય તેટલું વધુ સારું. બાળક શાળાએ જતું હોય તો તે આફતની અસરો વધુ સહેલાઈથી ભૂલી શકે છે.
- આફત પછી, શાળા ફરી ચાલુ કરવામાં પણ સંચાલકો અને શિક્ષકોને શક્ય એટલી બધી સહાય કરો.શાળાનાં બાળકોએ શું કરવું ?
- હંમેશા યાદ રાખો. પૂર, વાવાઝોડું, ભૂકંપ, આગ કે રમખાણ જેવી કોઈ પણ આફતથી બચવું સહેલું છે. જરૂર હોય છે હિંમતની અને સમજણની.
- માતા-પિતા કે શિક્ષકો આફત વિશે જે સમજણ આપે તે બરાબર સમજીને યાદ રાખો.
- શક્ય હોય તો ટેલિફોનનો ઉપયોગ શીખી લો. આફત સમયે તમે શાળામાં કે ઘરની બહાર બીજે ક્યાંય હો તો ઘરના સભ્યોનો સંપર્ક કેવી રીતે કરવો તે પણ જાણી લો.
- અગાઉથી જે સમજાવવામાં આવ્યું હોય તે રીતે આફત સમયે વર્તશો અને આફતનો હિંમતથી, ડર્યા વિના સામનો કરશો તો ચોક્કસ તમને ઓછું નુકસાન થશે.
- આફત ત્રાટકે ત્યારે શિક્ષકો જે કંઈ સૂચના આપે તેનો બરાબર અમલ કરો.
- આફત ત્રાટકે ત્યારે બિલકુલ ધક્કામુક્કી કરશો નહીં. ગભરાટને કારણે બીજાં નાનાં બાળકોને ઈજા પહોંચે એવું ન થવું જોઈએ.

- તમારા શિક્ષક વર્ગખંડ ખાલી કરીને અગાઉથી નક્કી કરેલા સલામત સ્થળે પહોંચી જવા કહે ત્યારે ડર્યા વિના ઝડપથી ત્યાં પહોંચી જાવ. સાથે તમારો કોઈ મિત્ર કે બહેનપણી વર્ગમાં કે સંડાસમાં રહી તો નથી ગયાં ને એ પણ તપાસી લો.
- મોટાં ધોરણનાં વિદ્યાર્થીઓએ નાનાં બાળકોની ખાસ સંભાળ લેવી.

એટલું ખાસ યાદ રાખો કે શિક્ષકની સૂચના વિના ઘરે પહોંચી જવાનો પ્રયત્ન કરશો નહીં.

## શાળાઓ શું કરી શકે ?

- બાળકોમાં જાગૃતિ ફેલાવવા માટે ચિત્રસ્પર્ધાનું આયોજન, નિબંધ સ્પર્ધાનું આયોજન અને વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરી શકે.
- દરેક વિદ્યાર્થી માટે ઓળખપત્ર ફરજિયાત બનાવવું જોઈએ. શક્ય હોય તો દરેક બાળકના બ્લડગ્રુપ પણ તેમના ઓળખપત્ર પર લખવા જોઈએ જેથી આફત સમયે બાળકોને જે તે ગ્રુપનું લોહી તરત પૂરું પાડી શકાય.
- સ્કાઉટ-ગાઈડ પ્રોગ્રામ શરૂ કરવા જોઈએ અને તેમાં ભાગ લેનારને પ્રોત્સાહિત કરવા જોઈએ.
- શાળાના વાર્ષિક કાર્યક્રમોમાં આફતવ્યવસ્થાપન અથવા આફતનિવારણના કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ.
- શાળાઓમાં બાળકોને પર્યાવરણ, જમીનના પ્રકાર, ભૂગોળ અને નકશા વિશે વિગતવાર માહિતી આપવી જોઈએ.
- શાળામાં કામ કરતી દરેક વ્યકિતએ મહત્વના ટેલિફોન નંબર, મોબાઈલ નંબર ધરાવતી અને શક્ય હોય તો બાળકોના ફોન નંબરની ડાયરી હંમેશાં સાથે રાખવી જોઈએ.
- આફતવ્યવસ્થાપન વિશેનું એક પ્રકારણ બાળકોના અભ્યાસક્રમમાં હોવું ખૂબ જ જરૂરી છે.
- વાલી, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વ્યવસ્થાપકો અને શાળાની સાથે સંકળાયેલી વ્યકિતઓ વચ્ચે સારું સંકલન સ્થાપવું જોઈએ.
- સંચાલકોએ શાળામાં કામ કરતા સ્ટાફ અને વિદ્યાર્થીઓને આફત આવી હોય તેવી પરિસ્થિતિનું સર્જન કરીને તાલીમ આપવી

જોઈએ.વાલીઓ અને શિક્ષકોનું સંગઠન શાળાઓમાં વાર્ષિક ધોરણે નિબંધ, ચિત્ર કે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરી શકે.

વાર્ષિક ધોરણે જોખમનું મૂલ્યાંકન અથવા તેના નકશા બનાવવાની હરીફાઈનું આયોજન કરી શકાય.

આપત્તિનાં સમયે યોગ્ય રીતે પ્રતિભાવ આપવા માટે શાળાસ્તરે પ્રતિકાર પદ્ધતિ તૈયાર કરવામાં આવેલ છે. પ્રતિકારમાં અગ્નિશામક વિભાગ, પોલીસ વિભાગ, જિલ્લા/તાલુકા, નગરપાલિકા આપત્તિનાં સમયે યોગ્ય રીતે પ્રતિભાવ આપવા માટે શાળા સ્તરે પ્રતિકાર પદ્ધતિ તૈયાર કરવામાં આવેલ અને અન્ય કટોકટી સેવાઓ જેવી સેવાઓની એસડીએમસી (શાળા આપત્તિ વ્યવસ્થાપન સમિતિ) પેટા સમિતિઓ તથા અન્ય સ્ટેક હોલ્ડર્સની કામગીરીની સમજણ સબંધીતો આપવામાં આવેલ છે.

**શાળાની પૂર્વતૈયારી માટે આફત નિવારણનું માળખું**

**શાળા માટે આફતનિવારણનું માળખું કઈ રીતે તૈયાર કરવું ?**

શાળા માટે આફતનિવારણનું માળખું તૈયાર કરવું ખૂબ જ સરળ છે, પણ જવાબદારીની સોંપણી અને આયોજનનું અમલીકરણ ઘણી મહેનત માંગી લે છે. કોઈપણ આફત અણધારી રીતે ત્રાટકે છે અને તેથી જ તેમાં નિર્ણય ખૂબ જ ઝડપથી લેવા પડે છે. આફતનિવારણનું માળખું શાળાને નિર્ણય લેવામાં, આયોજનમાં અને અમલીકરણમાં રહી જતી ખામીઓને સુધારવામાં ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. શાળા માટે આફતનિવારણનું માળખું તૈયાર કરવા શાળાના આચાર્ય, નાયબ આચાર્ય, સેક્રેટરી, શિક્ષકો, વાલીમિત્રો અને વિદ્યાર્થીઓના સક્રિય પ્રયાસની જરૂર હોય છે કેમ કે દરેક સ્તરના લોકોની ક્ષમતા અને જવાબદારીઓ અલગ અલગ છે. જયારે પણ શાળા માટે આફતનિવારણનું માળખું તૈયાર કરવા માટેનું આયોજન શાળામાં કરવામાં આવે ત્યારે શાળાઓએ વિદ્યાર્થીઓની આફત સમયની જરૂરિયાતોને અગ્રતા આપવી જોઈએ.

- શાળા માટે આફતનિવારણનું માળખું બનાવવાનો હેતુ શું છે ?

- આફત સમયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફના અન્ય કર્મચારીઓનો બચાવ કરવો.
- આફતનિવારણમાં શાળાનાં સાધન-સરંજામ અને માનવધનનો પૂરેપૂરો ઉપયોગ કરવો.
- આફત પછી તરત બાળકોની સંભાળ માટે અને તેમને સહી સલામત વાલીઓ સુધી પહોંચાડવા માટેની વ્યવસ્થા ગોઠવવી.

શાળાના શિક્ષકો તથા કર્મચારીઓ અને ભવિષ્યમાં આવનાર પેઢીઓ માટે આફતનિવારણને દૈનિક જીવનનો એક ભાગ બનાવવો.

આફતનિવારણનું માળખું તૈયાર કરતા પહેલાં દરેક શાળાએ કોઈપણ આફત સમયે પોતાના વિદ્યાર્થીઓની જરૂરિયાતોની તપાસણી કરેલી હોવી જોઈએ. દા.ત., સ્વાસ્થ્યને લગતી, બચાવને લગતી, ખોરાક, પાણીને લગતી વગેરે. આ જરૂરિયાતોને જાણીને તેની યાદી બનાવવી ખૂબ જ જરૂરી છે જેથી તે જરૂરીયાતો શાળાને આફત નિવારણનું માળખું ઉભું કરવાના સમયે પૂરક સાબિત થાય.

ઉપર દર્શાવેલ યાદીની મદદથી શાળાઓના સંચાલકોએ શાળાના કાર્યકરોની મદદ લઈ શાળાની ક્ષમતા અને નબળાં પાસાં તપાસવાં જરૂરી છે. જો શક્ય હોય તો આ માટેની બેઠકમાં વાલીમંડળના સભ્યોને આમંત્રણ આપી તેમનાં સૂચનો પણ લેવા જોઈએ.

આફતનિવારણના માળખામાં જુદી-જુદી ટુકડીઓની ભૂમિકા અને જવાબદારીઓ જુદી-જુદી હોય છે. આ ભૂમિકા અને જવાબદારીઓને શાળા પોતાની સંસ્થાના માળખા સાથે જોડીને સરળતાથી જણાવ્યા મુજબ આફતનિવારણનું માળખું ઉભું કરી શકે છે :

**અગત્યની નોંધ :**

૧. આફત સમયે દરેક ટીમે સંકલન ટીમ સાથે સંપર્કમાં રહેવું.

૨. દરેક ટીમના સભ્યો પોતાને સોંપેલ જવાબદારી મુજબનું કામ પૂરું કરી આગળના આયોજન વિશે સંકલન ટીમનો સંપર્ક સાધશે.

૩. દરેક ટીમના સભ્યો ઈજાગ્રસ્તની મદદનું કામ અને વિદ્યાર્થીઓની દેખરેખ જવાબદારી સ્વૈચ્છિક રીતે કોઈપણ જાતની સૂચના વગર ઉપાડી લેશે.

૪. શોધ અને બચાવ ટીમ અથવા અગ્નિશામક દળ સિવાય કોઈપણ ટીમના સભ્યોએ મકાન જ્યાં સુધી સુરક્ષિત જાહેર ન થાય ત્યાં સુધી તેમાં દાખલ થવું નહિ (અથવા મકાનમાં ઈજાગ્રસ્તોની રહેલ સંખ્યા અને ઈજાના પ્રમાણને ધ્યાનમાં રાખી સંકલન ટીમ સાથે યોગ્ય ચર્ચા-વિચારણા કરી નિર્ણય લેવો.)

૫. આફત સમયે કોઈપણ ટીમના મહત્વના સભ્યોની ગેરહાજરીના સ્વરૂપમાં તે ટીમની જવાબદારી કોણ લેશે તે નક્કી કરવાની જવાબદારી સંકલન ટીમની રહેશે.

૬. આયોજન કરવામાં આવેલા ફેરફારથી અન્ય ટીમોને આફત સમયે માહિતગાર કરવાની જવાબદારી સંકલન ટીમની રહેશે.

૭. આફતનિવારણ માળખાની દરેક ટીમને અન્ય ટીમની જવાબદારી અને કાર્યતંત્ર વિશે પૂરતી માહિતી હોવી જોઈએ. આથી સંજોગોવશાત્ કરવામાં આવેલ ફેરફારનો ટીમના સભ્યો સરળતાથી સ્વીકાર કરી શકે.

૮. ટીમના દરેક સભ્ય પાસે શાળાનો નકશો હોવો ખૂબ જ જરૂરી છે. આ નકશામાં જોખમે રહેલાં જૂથ, બહાર નીકળવાનો રસ્તો, શાળાની ક્ષમતા વગેરે દર્શાવેલાં હોવા જોઈએ.

**આફતનિવારણ માળખાની વિવિધ ટીમોની વિવિધ ભૂમિકા અને જવાબદારીઓ અંગેના સૂચનો :**

### શાળના સંચાલકની ભૂમિકા અને જવાબદારીઓ અંગેના સૂચનો:

- સામાન્ય રીતે શાળના સંચાલકો / ટ્રસ્ટીઓ આફત સમયે હાજર હોતા નથી, પરંતુ શાળાના આફતનિવારણ આયોજનમાં તેઓ ખૂબ જ મહત્વો ભાગ ભજવે છે. શાળાના બાંધકામની અધિકૃત ઈજનેર દ્વારા ચકાસણી, આફતનિવારણનું આયોજન, નિષ્ણાંતો દ્વારા જે તે ટીમોની

જવાબદારીને અનુરૂપ તાલીમનું આયોજન તેમજ આફત સમયે ઉપયોગી થાય તેવી સાધનસામગ્રી શાળાને ઉપલબ્ધ કરાવવી વગેરે મહત્વની જવાબદારી સંચાલકોએ સ્વેચ્છાએ ઉપાડી લેવી જોઈએ.

**<u>પ્રાથમિક સારવાર ટીમ:</u>**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેનાં સૂચનો :

૧. શક્ય હોય તેટલી ઝડપથી ઈજાગ્રસ્તો સુધી પહોંચી પ્રાથમિક સારવાર શરૂ કરવી.

૨. ઈજાગ્રસ્તોની યાદી, ઈજાનો પ્રકાર અને કરેલી પ્રાથમિક સારવારની નોંધ લખવી.

૩. ઈજાગ્રસ્તોની ઈજાની ગંભીરતા ચકાસીને દાકતરી સહાય માટેની જરૂરિયાત તપાસવી.

૪. પ્રાથમિક સારવાર માટેની જરૂરી સાધનસામગ્રી સરળતાથી મળી રહે તેવી જગ્યાએ રાખો અને તેની સાચવણી માટે જવાબદાર વ્યકિતની નિમણૂંક કરો.

૫. શાળાની પ્રાથમિક સારવાર ટીમે પ્રાથમિક સારવારની તાલીમ લેવી અનિવાર્ય છે.

૬. આફત સમયે શક્ય હોય તો નકકી કરેલ જગ્યા ઉપર ઈજાગ્રસ્તોને લાવી સારવાર આપવા પ્રયત્ન કરવો. જો સંજોગોવશાત્ સારવારની જગ્યા બદલવી પડે તો અન્ય ટીમોને જાણ કરો (દા.ત., સારવાર માટે જે ખંડ નિયત કરી રાખ્યો હોય તેને જ ભૂકંપને કારણે નુકસાન થયું હોય તો પ્રાથમિક સારવારની જગ્યા બદલવી.)

૭. વધુ ગંભીર બાળકોને તુરંત હોસ્પિટલ ખસેડવા અને તેમના માતા-પિતાને જાણ કરવી.

૮. પ્રાથમિક સારવાર ટીમે દર ૬ મહિને આફત જેવી પરિસ્થિતિનું સર્જન કરીને ઝડપથી પ્રાથમિક સારવાર આપવાની કવાયત કરવી જોઈએ, જેમાં તેઓએ અન્ય ટીમોને પણ સાંકળવી જોઈએ.

૯. શક્ય છે કે પ્રાથમિક સારવાર ટીમે આફત સમયે શાળામાં ઘણા બધા લોકોના ઘસારા વચ્ચે કામ કરવું પડે. તેવા સંજોગોમાં લોકો ઉપર નિયંત્રણ / અંકુર રાખવાની આવડત પણ પ્રાથમિક સારવાર ટીમે વિકસાવવી જોઈએ.

૧૦. તાલીમ લીધેલ પ્રાથમીક સારવાર ટીમે શાળાના અન્ય શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓમાં પણ પ્રાથમિક સારવાર માટે જાગૃતિ ફેલાવવી ખૂબ જ જરૂરી છે.

૧૧. વધુ ગંભીર બાળકોને તુરંત હોસ્પિટલ ખસેડવા અને તેમના માતા-પિતાને જાણ કરવી.

**વિદ્યાર્થી / સ્ટાફ દેખરેખ ટીમ :**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેનાં સૂચનો :

કોઈપણ આફતના પછી તરત જ (દા.ત., ભૂકંપમાં જમીનનું કંપન અટક્યા બાદ) નીચે પ્રમાણે પગલાં લેવા :

૧. આફતને કારણે થયેલી ઈજાઓનું પ્રમાણ અને ગંભીરતા નક્કી કરવા.

૨. જગ્યા કે મકાન ખાલી કરવા માટે અસરગ્રસ્તો કેટલા સક્ષમ છે તે તપાસવું.

૩. પ્રાથમિક સારવાર તેમજ દાકતરી સારવાર માટેની જરૂરિયાત નક્કી કરવી.

૪. શિક્ષકો અને પોતાની આજુબાજુના વિદ્યાર્થી વર્ગખંડોમાં કામ કરતા સહકર્મચારીઓ અને વિદ્યાર્થીનો સંપર્ક કરવો.

૫. જગ્યા કે મકાન અગાઉથી નક્કી કરેલ રસ્તા મુજબ ખાલી કરવાં અને જરૂર પડે તો આયોજનમાં ફેરફાર કરવો (દરેક ટીમને આયોજનમાં ફેરફારથી માહિતગાર કરો).

૬. વિદ્યાર્થી / સ્ટાફ દેખરેખ ટીમના સભ્યોએ જુદાં જુદાં જૂથોની આગેવાની સંભાળી, તેઓને અગાઉથી નક્કી કરેલ સુરક્ષિત જગ્યાએ લઈ જવા.

૭. સુરક્ષિત જગ્યાએ પહોંચતાં જ વિદ્યાર્થી / સ્ટાફના સભ્યોની હાજરી લેવી અને રહી ગયેલ લોકોની વિગત, શક્ય હોય તો શાળાના વિદ્યાર્થી / હાજરી પત્રક સાથે સરખાવવી.

૮. વિદ્યાર્થીઓના જૂથ સાથે રહી તેમને રમત / વાર્તા જેવી પ્રવૃતિઓ કરાવી, ભય ઘટાડવો અને તેમનો વિશ્વાસ જીતવા પ્રયત્ન કરવો.

૯. નાનાં બાળકો અને અંપગ વિદ્યાર્થીઓની સારસંભાળમાં ખાસ કાળજી રાખવી જોઈએ.

**ખોવાયેલી વ્યકિતે શોધવામાં મદદરૂપ થાય તેવાં ફોર્મની વિગત નીચે મુજબ છે:**

૧. નામ : અંદાજિત ઉંમર :

૨. છેલ્લે જોવા મળી હોય તે સ્થળ :

૩. દેખાવ અને પહેરવેશનું ટૂંકમાં વર્ણન :

**► શોધ અને બચાવ ટીમ:**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેના સૂચનો:

૧. ટીમના દરેક સભ્યને શાળાના જુદા-જુદા ભાગમાં શોધ અને બચાવનું કાર્ય કરવા માટે વિસ્તારની સોંપણી અથવા વહેંચણી કરો.

૨. શકય હોય તો અગાઉથી કરેલ આયોજન પ્રમાણે તેનું અમલીકરણ કરો, પરિસ્થિતિ પ્રમાણે જો નિર્ણય / આયોજનમાં ફેરફાર કરવો પડે તેમ હોય તો તેમ કરો, પરંતુ અન્ય ટીમના સભ્યોને તેનાથી માહિતગાર કરો. (ઉદારહણ - જોખમી મકાન કે મકાનનો ભાગ)

૩. શાળાનો દરેક વિદ્યાર્થી વર્ગખંડ, સંગ્રહ રૂમ, બાથરૂમ-સંડાસ, સ્ટાફ રૂમ, કોમન રૂમ અને શાળાનું રમતનું મેદાન વગેરેની તપાસ જોખમની અસરોને ધ્યાનમાં રાખી કરો.૪. શોધ અને બચાવ ટીમે તપાસ ત્રણ રીતે કરવી જોઈએ.

(અ) દરેક જગ્યાની આંખોદેખી તપાસ.

(બ) દરેક જગ્યાની મોટેથી અવાજ કરી તપાસ.

(ક) દરેક જગ્યા ઉપર રૂબરૂ જઈને તપાસ.

૫. શકય હોય તેટલી ઝડપથી ઈજાગ્રસ્તોની માહિતી પ્રાથમિક સારવાર ટીમને આપો. જેથી તેઓ પ્રાથમિક સારવાર શરૂ કરી શકે અને જરૂરિયાત મુજબ બહારથી દાકતરી સહાયની વ્યવસ્થા કરી શકે.

૬.	જો સંજોગોવશાત્ ઈજાગ્રસ્તોને કોઈ જગ્યાએથી બહાર કાઢી શકાય તેમ ન હોય તો શાળાના નકશા ઉપર તેનું સ્થાન દર્શાવવું ખૂબ જ જરૂરી છે જેથી વધુ માણસો, વધુ સારાં સાધનો અને તાલીમ લીધેલ કર્મચારીઓની મદદથી ઝડપથી ઈજાગ્રસ્ત સુધી પહોંચી શકાય.

૭.	શોધ અને બચાવકાર્ય કરતી વખતે જોખમી વર્ગખંડ, પ્રયોગશાળામાં આગની શક્યતાવાળાં કે જોખમી રાસાયણિક દ્રવ્યો ઉપર નજર રાખી તેની નોંધ કરવી અને શક્ય હોય તો તેનું નિવારણ કરવું, જેથી એક આફત બીજી આફતને જન્મ ન આપે અને શક્ય હોય તો બીજી ટીમોને પણ આ ખતરા વિશે માહિતગાર કરો.

દા.ત., દરેક શાળામાં, પ્રયોગશાળામાં જોખમી રસાયણો હોય છે તેની સંભાળ લેવી જોઈએ. ભૂકંપની શક્યતાવાળા વિસ્તારમાં, હોડી કે સ્ટીમરમાં હોય તે રીતે છાજલી પર દરેક બોટલ કલેમ્પ મારીને મૂકવી જોઈએ, જેથી ભૂકંપ બોટલ નીચે પડતાં બીજા નુકસાનની / દાઝવાની શક્યતા ન રહે.

૮.	શાળાના નકશા ઉપર ચકાસણી થઈ ગયા બાદ નિશાની કરો કે જેથી ફરી વખત તે જ જગ્યા ઉપર શોધખોળ ન થાય અને અન્ય વિસ્તાર રહી ન જાય.

૯.	શક્ય હોય તો શોધ અને બચાવ ટીમે બે જણનાં જૂથમાં કાર્ય કરવું જોઈએ.

**આગ સામે સલામતી અને સાધન / માલસામાન સંગ્રહ ટીમ :**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેના સૂચનો :

૧.	આગ અને આગ લાગવાની જગ્યાની માહિતીની તપાસ કરો.

૨.	નાના પાયે આગ રોકવાની પ્રવૃતિ ચાલુ કરી દો અને જો લાગે કે આગ કાબૂ બહાર જઈ શકે તેમ છે તો બહારથી મદદ બોલાવવા માટે ટીમના આગેવાને અગ્નિશામક દળનો સંપર્ક કરવો.

3.	જગ્યા ખાલી કરવામાં તેમ જ શોધ અને બચાવમાં જો જરૂર હોય તો શોધ અને બચાવ ટીમને મદદરૂપ થાય.

૪. એવા વિસ્તારની શોધ કરો કે જેમાં આગ વધુ ગંભીર સ્વરૂપ થઈ શકે છે અને શક્ય હોય તો તેવી પરિસ્થિતિનું નિવારણ કરો. (ઉદારહણ - શાળાના રસોડામાં રહેલ ગેસના બાટલા, કેરોસીનથી ચાલતા સ્ટવ કે ખાદ્ય તેલના ડબ્બા)

૫. સાધનસંગ્રહ ટીમે જે તે ટીમોને જરૂરી એવાં સાધનો નોંધણી સાથે સુવ્યવસ્થિત ગોઠવી રાખવાં જોઈએ કે જે જરૂર પડયે તુરંત ઉપલબ્ધ થઈ શકે.

૬. સાધનસંગ્રહ ટીમે જરૂરિયાત મુજબ અગ્રતાનું ધોરણ નક્કી કરી, જે તે ટીમને સાધનો બને તેટલા વહેલાં આપવાં જોઈએ.

૭. સાધનસંગ્રહ ટીમે સાધનોની દેખરેખ અને સારસંભાળ દૈનિક કાર્યપદ્ધતિમાં આવરી લેવી જોઈએ.

૮. સાધનસંગ્રહ ટીમે આફત પછી અગત્યની સુવિધાઓ (પાણી, વીજળી, ટેલિફોન, હવા-ઉજાસ, બાથરૂમ-સંડાસ વગેરે) ચાલુ છે કે નહી તેની નોંધ લેવી જોઈએ.

૯. કોમી હુલ્લડ કે ભયાનક યુધ્ધ અથવા પૂર જેવા સંજોગોમાં શક્ય છે કે શાળાઓને બે-ત્રણ દિવસ આપબળ ઉપર કાઢવાની ફરજ પડે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ તેમજ સ્ટાફના સભ્યોની પાયાની જરૂરિયાત સંતોષવાની તમામ જવાબદારી સાધન-માલસામાન સંગ્રહ ટીમની રહેશે.

૧૦. આગની પરિસ્થિતિમાં ગેસ, વીજળી અને પાણીના સ્રોત આ જ ક્રમમાં બંધ કરવા. ભૂકંપની પરિસ્થિતિમાં ગેસ, વીજળી અને પાણી વિશે યોગ્ય નિર્ણય લેવા.

૧૧. જરૂર પડે તો રાત્રે અસરગ્રસ્તોના સૂવા અને ખાવા માટેની યોગ્ય ગોઠવણ કરવી.

૧૨. અસરગ્રસ્તો કે સ્વૈચ્છિક કાર્ય કરતા લોકો તેમજ ટીમના સભ્યો માટે કામચલાઉ શૌચાલયની વ્યવસ્થા ગોઠવવી. કચરાના નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાની ગોઠવણી કરવી.

૧૩. અગત્યના દસ્તાવેજો સલામત સ્થળે ખસેડવા.

**નોંધણી અને અહેવાલ લેખન:**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેનાં સૂચનો:

૧. વિદ્યાર્થીઓને ઘરે લઈ જવાની પરવાનગી માત્ર માતા-પિતા અથવા જવાબદાર વ્યકિતને જ આપવી.

૨. જયારે માતા-પિતા કે જવાબદાર વ્યકિત વિદ્યાર્થીને ઘરે લઈ જાય ત્યારે ફોર્મ ઉપર વિદ્યાર્થીના નામ સામે તેમની સહી લેવી ખૂબ જ જરૂરી છે.

૩. આફત સમયે અથવા આફત પછી વિદ્યાર્થીઓ, વિદ્યાર્થી / સ્ટાફ દેખરેખ ટીમની હેઠળ હશે આથી નોંધણી અને અહેવાલ લેખન ટીમ તેની સાથે સંકલનમાં કામ કરશે.

૪. નોંધણી અને અહેવાલ ટીમ શાળામાં રહેલાં સાધનો અને ચીજવસ્તુના જથ્થાની નોંધ પોતાની પાસે રાખશે અને સમયે-સમયે તે નોંધ સંગ્રહ ટીમ સાથે સરખાવશે.

૫. નોંધણી અને અહેવાલ ટીમ શાળામાં અભ્યાસ કરતા દરેક વિદ્યાર્થી અને કર્મચારીઓનાં નામ, સરનામાં, ટેલિફોન નંબરની યાદી પોતાની સાથે રાખશે.

૬. નોંધણી અને અહેવાલ ટીમ ઈજાગ્રસ્તોની યાદી તૈયાર કરશે અને તેને પ્રાથમિક સારવાર ટીમ સાથે અને હોસ્પિટલનાં રજિસ્ટર સાથે સરખાવશે.

૭. નોંધણી અને અહેવાલ ટીમ આફતના આયોજન માટે કે જોખમને ઘટાડવા માટે યોજવામાં આવેલ દરેક મીટિંગની નોંધ સાથે રાખશે.

૮. આફત પહેલાં નોંધણી અને અહેવાલ ટીમ શાળાનો નકશો બનાવવામાં, આફત સમયે શાળા ખાલી કરવા માટેનો રસ્તો નક્કી કરવા માટે સંકલન ટીમને સાથ-સહકાર આપશે.

૯. નોંધણી અને અહેવાલ ટીમ શાળામાં થયેલ તાલીમોની નોંધ અને તાલીમસાહિત્યની નકલોને ફાઈલ કરશે, જેથી ભવિષ્યની તાલીમમાં તેનો સારી રીતે ઉપયોગ થઈ શકે.

૧૦. આફત સમયે વિવિધ ટીમો દ્વારા અપાયેલા અહેવાલ, અગત્યની નોંધ વગેરે વિશે અન્ય ટીમોને માહિતગાર કરશે.

૧૧. શાળામાં બનાવેલ આફતનિવારણ માટેના માળખાની અને ટીમોને જવાબદારીની યાદી બનાવી દરેકને વિતરણ કરશે અને એક નકલ પોતાની પાસે રાખશે.

**સંકલન ટીમ :**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેનાં સૂચનો :

૧. આફત સમયે દરેક ટીમ સાથે સતત સંપર્કમાં રહેવું.

૨. સંકલન ટીમ બીજી દરેક ટીમને જવાબદારી મુજબ કામ કરવા યોગ્ય સૂચનો આપશે.

૩. આફત અંગેની અગાઉથી ચેતવણી આપી દરેક ટીમોને માહિતગાર કરશે.

૪. દર ત્રણ મહિને (શક્ય હોય તો દર મહિને) દરેક ટીમના સભ્યોની વાલીમંડળના સભ્યો સહિત મીટીંગ કરશે.

૫. આફત સમયે વધુ સારા પ્રતિભાવ અને આયોજન માટેનાં સૂચનો લઈને આયોજનમાં ફેરફાર કરશે અને જરૂરી સાધન-સામગ્રી માટે શાળાના ટ્રસ્ટી અને આચાર્યનો સંપર્ક કરશે.

૬. આફત સમયે ઉપયોગી ટેલિફોન નંબર, ખાતાં અને સરનામાની યાદી હાથવગી રાખશે.

૭. આફતના આયોજનમાં સંજોગોવશાત્ જો કોઈ ફેરફાર કરવામાં આવ્યો હોય તો તે અન્ય ટીમોને શક્ય હોય તેટલી ઝડપથી માહિતગાર કરશે.

૮. આફત સમયે અને આફત પછી વાલીમિત્રોનો સતત સંપર્ક સાધશે.

૯. શાળાની આફત નિવારણ ટીમ અને બહારની એજન્સીઓ સાથે સંપર્કમાં રહી વધુ સારો પ્રતિભાવ આપવા પ્રયત્ન કરશે. (દા.ત., અગ્નિશમનદળ, હોસ્પિટલ વગેરે)

shikshansagar.com Kings of Education

૧૦. જો ટેલિફોન ચાલુ સ્થિતિમાં હોય તો દરેક આવતા જતા ફોન ઉપર નજર રાખી, નોંધ કરીને અન્યને સંતોષકારક જવાબ આપશે.

૧૧. આફત સમયે મદદરૂપ થઈ શકે તેવાં ખાતાં અને શાળાઓ પાસે મદદ માગશે અને સંપર્કમાં રહેશે.

૧૨. દરેક ટીમ વચ્ચે યોગ્ય સંકલન જળવાય છે કે નહીં તેનું ખાસ ધ્યાન રાખવું.

**વાહનવ્યવહાર અને સુરક્ષા ટીમ:**

ભૂમિકા અને જવાબદારીઓ અંગેના સૂચનો:

૧. આફત સમયે વાહનવ્યવહારની સંપૂર્ણ જવાબદારી શાળામાં કામ કરતા ડ્રાઈવર ભાઈઓએ ઉપાડી લેવાની રહેશે.

૨. જો આફતમાં ઈજાગ્રસ્તોની સંખ્યા વાહનોની ક્ષમતા કરતાં વધી જાય તો તેવા સંજોગોમાં વધુ વાહનોની વ્યવસ્થા પણ અગાઉથી વિચારેલી હોવી જોઈએ તેમ જ હોસ્પિટલમાં જવા માટેનો માર્ગ તેમજ સમય-અંતર ધ્યાનમાં હોવાં જોઈએ.

૩. શક્ય હોય તો શાળામાં એક એમ્બ્યુલન્સ વાનની પણ સગવડ રાખેલ હોવી જોઈએ, જેથી કરીને નાની-મોટી ઈજાઓમાં તેનો સારી રીતે ઉપયોગ કરી શકાય.

૪. સુરક્ષા કર્મચારીઓએ આફત બાદ જ્યારે મકાન ખાલી કરી દેવામાં આવે ત્યારે દરવાજા અને ગેટને તાળું મારી દેવું અને વાહનવ્યવહારની ટીમની કામગીરી સરળ બનાવવામાં મદદરૂપ થવું, કેમ કે શાળામાં કે શાળાની બહાર ભીડ ખૂબ જ વધી જશે.

૫. વાલીઓ, અગ્નિશામકદળો, બચાવ કર્મચારીઓ, પોલીસ, દાકતરી સારવાર ટુકડી વગેરેને નક્કી કરેલ જગ્યા ઉપર પહોંચવામાં સુરક્ષા કર્મચારીઓ મદદરૂપ થશે.

૬. સુરક્ષા કર્મચારીઓએ જરૂર પડે તો સ્વૈચ્છિક રીતે મદદ કરવા માગતા લોકોને બરાબર તેમની જવાબદારી સમજાવીને મદદમાં લેવા.

shikshansagar.org Thinking of Education

## વાલીમંડળના સભ્યોની ટીમ :

ભૂમિકા અને જવાબદારીઓ અંગેનાં સૂચનો :

૧. વાલીમંડળના સભ્યો શાળામાં થતી આફતનિવારણની મીટિંગોમાં જરૂર ભાગ લેશે.

૨. વાલીમંડળના સભ્યોએ આફત સમયે શાળામાં શકય હોય તો ફોન કરવાનું ટાળવું જોઈએ, કેમ કે આફત સમયે શાળાની ફોન લાઈનો અગત્યની માહિતીની આપ લે માટે ખુલ્લી રાખવી જરૂરી છે.

૩. વાલીમિત્રો આફત સમયે શાળાની મર્યાદાઓ ધ્યાનમાં રાખીને સહયોગ આપશે.

૪. વાલીમિત્રો આફત અંગે અને તેની અસરો અંગે પોતાનાં બાળકોને વધુ ને વધુ જાણવા માટે પ્રોત્સાહિત કરશે અને શાળા દ્વારા યોજવામાં આવેલ વિવિધ સ્પર્ધાઓ અને રમતોમાં ભાગ લેવા તેમના બાળકોને પ્રોત્સાહિત કરશે.

## વિદ્યાર્થી સ્વયંસેવક ટીમ:

ભૂમિકા અને જવાબદારીઓ અંગેનાં સૂચનો:

આફત સમયે અસરગ્રસ્તોની સંખ્યા, શાળામાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા અને ક્ષમતા કરતાં વધી જાય છે.આથી શાળામાં જો વિદ્યાર્થી સ્વયંસેવકોની ટીમ ઉભી કરવામાં આવી હોય તો તે શાળાના કર્મચારીઓને આફતનિવારણમાં પૂરક સાબિત થઈ શકે.

૧. વિદ્યાર્થી સ્વયંસેવકની ટીમ સંકલન ટીમ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓ પ્રમાણે કામ કરશે.

૨. વિદ્યાર્થી સ્વયંસેવકોની ટીમમાં ૧૫ વર્ષથી નીચેના વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવશે નહીં.


૩. વિદ્યાર્થી સ્વયંસેવક તરીકે ફરજ બજાવવા માગતા વિદ્યાર્થીઓએ શાળાએ તૈયાર કરેલ ફોર્મ ઉપર પોતાના વાલીઓની સહી લાવવી પડશે.

૪. શાળા દ્વારા જયારે પણ વિવિધ તાલીમોનું આયોજન કરવામાં આવે ત્યારે વિદ્યાર્થી સ્વયંસેવકોને હાજર રહેવું પડશે.

૫. વિદ્યાર્થી સ્વયંસેવકોને આફત સમયે સાંકળવા કે નહીં તે નિર્ણય સંકલન ટીમ, આફત અને તેની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કરશે.

**(એ) હોનારત વિશિષ્ટ પ્રતિકાર યોજના.**

વિવિધ સમિતિઓ સાથે વધુ સારા સંકલન માટે શાળાએ પોતાની હોનારત પ્રતિકાર પદ્ધતિની રચના કરી છે. કોઈ પણ આપત્તિનાં કિસ્સામાં, હોનારત પદ્ધતિ ઉપલબ્ધ વ્યકિતઓની સંખ્યા તથા સાધનોનાં આયોજન તથા તેનાં પ્રયોગ માટે ઉપયોગી બની શકે છે. આ એક પ્રકારનું ફ્રેમવર્ક (માળખુ) છે. આ ફ્રેરમવર્ક, જવાબદારીઓનાં સંચાલન તથા તેને કાર્યરત કરવા માટે કોઈપણ આપત્તિની પરિસ્થિતિમાં તેનો ઉપયોગ કરી શકાય છે.



→ વાહન વ્યવહાર ટુકડી

→ બસ સુરક્ષા ટુકડી

## ટાસ્કફોર્સનું નામ:-

### જાગૃતિ કેળવણી અને સંદેશ વ્યવહાર ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

### પ્રાથમિક સારવાર ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

### શોધ અને બચાવ  ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

shikshansagar.com · The King of Education · શિક્ષણ

## સ્થળાંતર ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

## સ્થળ સુરક્ષા ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

## વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

## આગ સામે સુરક્ષા ટુકડી

| ક્રમ | નામ | હોદ્દો | સંપર્ક નંબર | ઈ મેલ |
|---|---|---|---|---|
| 1 | | મ.શિ | | |
| 2 | | વિદ્યાર્થી | | |
| 3 | | વિદ્યાર્થી | | |
| 4 | | વિદ્યાર્થી | | |
| 5 | | વિદ્યાર્થી | | |
| 6 | | વિદ્યાર્થી | | |

## શાળાના વિદ્યાર્થીની સમસ્યા નિવારણ માટે

| | ફોકલ પર્સનનું નામ | | |
|---|---|---|---|
| 1 | | | |
| 2 | | | |
| 3 | | | |
| 4 | | | |
| 5 | | | |
| 6 | | | |
| | | | |
| | | | |

**ઉપરોકત તમામ ટાસ્કફોર્સનું કાર્યપદ્ધતિ પરિશિષ્ટ–૫ માં દર્શાવ્યા મુજબની રહેશે.**

હોનારત વિશિષ્ટ પ્રતિકાર યોજના તૈયાર કરવામાં આવેલ, તેમાં દરેક આપત્તિ માટે માત્ર આખરી અમલીકરણનો સમાવેશ કરાવવો જોઈએ.

**૧.ભૂકંપ.**

- ✓ જમીન ધ્રુજવાનાં પ્રથમ સંકેતથી જ બધી જ ટુકડીઓ કાર્યરત થશે અને શાળામાં ચેતવણીની સાયરન વગાડશે.
- ✓ વર્ગમાં રહેલ વિદ્યાર્થીઓ ડ્રોપ, કવર અને હોલ્ડની સ્થિતિમાં આવી જશે.
- ✓ ધ્રુજારી બંધ થયા પછી, બધા જ વર્ગખંડો ખાલી કરશે તથા વિદ્યાર્થીઓ/સ્ટાફને સ્થળાંતર નકશામાં નિર્દિષ્ટ થયેલ વિસ્તારમાં બનાવવામાં આવેલ એસેબ્લી પોઈન્ટે જશે.
- ✓ અશકત વ્યકિતઓ માટે ખાસ વ્યવસ્થા સ્કુલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કમિટિએ કરેલ છે.
- ✓ સીડીઓ ઉપર દરેક વિદ્યાર્થી શિસ્તબધ્ધ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી યોગ્ય સ્થળે પહોચે તે સુનિષ્ચિત કરવામાં આવશે.

એકત્ર થવાનાં સ્થળે, વિદ્યાર્થીઓની ગણતરી વર્ગ શિક્ષક વર્ગવાર કરશે અને જો કોઈ વિદ્યાર્થી ન હોય તો તેની જાણ તાત્કાલીક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટીમને કરશે.

**૨..આગ.**

- ✓ આગ લાગ્યાની ખબર પડયા પછી તાત્કાલિક, આલાર્મ વગાડવુ તથા બધી જ ટુકડીઓ કાર્યરત થશે.
- ✓ અગ્નિશામક યંત્રનો ઉપયોગ કરી આગ ઓલવવાનો પ્રયાસ કરવામાં આવશે.
- ✓ સ્થાનિક ફાયર બ્રિગેડ સત્તાવાળાઓને તાત્કાલિક જાણ કરવામાં આવશે.
- ✓ આલાર્મ સંભાળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જશે.
- ✓ જે કોઈ વ્યકિત આગમાં સળગવા માંડે તો તે/તેણી એ જયા સુધી કપડા પરની આગ બુઝાય નહીં ત્યાં સુધી જમીન પર સ્ટોપ, ડ્રોપ અને રોલની ક્રિયા કરવી જોઈએ.
- ✓ અશકત વ્યકિતઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- ✓ સીડીઓ ઉપર દરેક શિસ્તબધ્ધ શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી સલામત સ્થળે જશે વિદ્યાર્થીઓ વર્ગવાર શિક્ષક રહેશે.

એકત્ર થવાનાં સ્થળે અને જો કોઈ વિદ્યાર્થી ન હોય, તો તેની જાણ તાત્કાલીક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટીમને કરશે.

**૩.સુનામી.**

- ✓ સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી સુનામીની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થવી જોઈએ અને ચેતવણીની સાયરન વગાડવી જોઈએ.
- ✓ આલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જશે.
- ✓ અશકત વ્યકિતઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

- ✓ સીડીઓ ઉપર દરેક શિસ્ત બદ્ધ શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જશે.
- ✓ એકત્ર થવાનાં સ્થળે, વિદ્યાર્થીઓ વર્ગ શિક્ષક દ્વારા કરવામાં આવશે અને જો કોઈ વિદ્યાર્થી ન હોય તો તેની જાણ તાત્કાલીક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરશે.

વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડીઓ વિદ્યાર્થીઓને સુનામીનાં વિસ્તારમાંથી દૂરનાં પૂર્વ નિર્ધારીત સલામત સ્થળે લઈ જવામાં આવશે.

**૪.વાવાઝોડું.**

- ✓ સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી વાવાઝોડાની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થશે. અને ચેતવણીની સાયરન વગાડવી ઘટના અંગેની ચેતવણી આપશે.
- ✓ આલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી સલામત સ્થળે વર્ગવાર એકત્ર થશે.
- ✓ કોમ્પ્યુટર, મોબાઈલ, લેન્ડલાઈન્સ વગેરે જેવા વિજળીનાં સાધનોની ઉપયોગ બંધ કરવાની સૂચના આપવામાં આવશે, કારણ કે વિજપ્રવાહથી શોર્ટ સર્કીટ થવાનો સંભવ રહે છે, જે ગંભીર ઈલેક્ટ્રીક આંચકો સર્જી શકે છે.
- ✓ અશકત વ્યકિતઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- ✓ સીડીઓ ઉપર દરેક શિસ્ત બદ્ધ, શાંતિ તથા ધીરજપૂર્વક બહાર જશે અને સલામત સ્થળે એકત્ર થશે.
- ✓ એકત્ર થવાનાં સ્થળે, વિદ્યાર્થીઓની ગણતરી વર્ગ શિક્ષક કરશે અને જો કોઈ વિદ્યાર્થી હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરશે.

વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડીઓ વિદ્યાર્થીઓને વાવાઝોડાનાં વિસ્તારમાંથી દૂરનાં સલામત સ્થળે લઈ જવામાં આવશે.

**૫.પૂર.**

✓ સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન સત્તાવાળાઓ પાસેથી આગોતરી પૂરની ચેતવણી મળ્યા પછી, બધી જ ટુકડીઓ સક્રિય થશે અને ચેતવણીની સાયરન વગાડી ચેતવણી આપશે.

✓ આલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શાળાનાં શિક્ષકની સૂચનાઓની અમલવારી કરશે.

✓ સીડીઓ ઉપર દરેક શિસ્ત બધ્ધ રીતે શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી સલામત સ્થળે જશે.

✓ એકત્ર થવાનાં સ્થળે, વિદ્યાર્થીઓની વર્ગ શિક્ષક કરશે ગણતરી અને જો કોઈ વિદ્યાર્થીને હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરશે.

અચાનક પૂર આવે તો, પૂરગ્રસ્ત વિસ્તારોને ખાલી કરી અને લોકોને મકાનનાં ઉપરનાં માળે અથવા પૂર્વ નિધારીત સલામત સ્થળે શીફ્ટ કરવામાં આવશે અને કટોકટી બચાવ સેવાઓ મેળવવા રાહ જોવાની સૂચના આપવી.

## ૬. બોમ્બની ધમકી.

✓ શાળામાં બોમ્બ હોવાની ચેતવણી મળ્યા પછી તાત્કાલીક નજીકનાં પોલીસ સ્ટેશન તથા ફાયર બ્રિગેડને જાણ કરો અને બધી જ ટુકડીઓને કાર્યરત કરો.

✓ આલાર્મ સાંભળીને બધા જ વિદ્યાર્થીઓએ શિસ્તબધ્ધ રીતે વર્ગખંડમાંથી બહાર નીકળી જેવુ જોઈએ.

✓ શાળામાંથી બધી જ વ્યકિતઓનું સ્થળાંતર ન થાય ત્યા સાુધી તથા શાળામાં કટોકટીની સેવાઓ ન મળે ત્યાં સુધી કોઈપણ વસ્તુને અડકશો નહી.

✓ અશકત વ્યકિતઓ માટે ખાસ વ્યવસ્થા કરવી. જોઈએ.

✓ સીડીઓ ઉપર દરેક શિસ્ત બધ્ધ હોવા જોઈએ અને શાંતિ તથા ધીરજપૂર્વક બહાર નીકળી જવુ જોઈએ.

એકત્ર થવાનાં સ્થળે, વ્યકિતઓની ગણતરી થવી જોઈએ અને જો કોઈ વ્યકિતન હોય તો તેની જાણ તાત્કાલિક એસડીએમસી અથવા શોધ અને બચાવ ટુકડીને કરવી જોઈએ.

**૭.રોગચાળો.**

- ✓ વિદ્યાર્થીઓને ઘેર રહેવાની સલાહ આપવી જોઈએ તથા કોઈ લક્ષણ જણાય તો ડૉકટરનો સંપર્ક સાધવા કહેવુ.
- ✓ શિક્ષકોએ કોઈપણ રોગચાળો ફેલાય તો સામે સાવચેત રહેવું જોઈએ અને તેમણે વિદ્યાર્થીઓને લક્ષણો અંગે તથા ઉપાયોનાં પગલાઓ વિષે જાગૃત કરવા જોઈએ.
- ✓ વિદ્યાર્થીઓ કોઈપણ લક્ષણોથી પીડાય તો તેમને વર્ગખંડમાંથી અન્ય બાળકો પાસેથી દૂર લઈ જવા જોઈએ.

શાળાનાં બધા જ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓની નિયમિત તબીબી ચકાસણી માટે જોગવાઈ હોવી જોઈએ.

**(બી)શાળાનું શિક્ષણ કાર્ય સતત ચાલુ રહે તે માટે વૈકલ્પિક વ્યવસ્થા.**

- ✓ કોઈપણ હોનારત થયા પછી, વિદ્યાર્થીઓનાં રોજનાં વર્ગો સતત ચાલુ રહે તે ખૂબ જ અગત્યનું છે. હોનારતની અસર હોવા છતાં પણ શિક્ષણ આપવા માટે શાળાઓ પાસે આકસ્મિક યોજના હોવી જોઈએ.
- ✓ વર્ગો ચલાવવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓને (એન.જી.ઓ.) લોકો વગેરે જેવી વિવિધ એજન્સીઓનાં પરામર્શમાં રહીને વૈકલ્પિક સ્થળો નકકી કરવા જોઈએ.
- ✓ વૈકલ્પિક સ્થળોએ લેસન આપવા માટે ખાસ જોગવાઈ અને વ્યવસ્થા કરવી જોઈએ.

શાળા પરિસરની નજીક અથવા અંદર યોગ્ય સ્થળોએ શિક્ષણ ચાલુ રાખવા માટે હંગામી આશ્રયસ્થળોનો બાંધવા જોઈએ તથા વર્ગખંડ તરીકે તેનું સંચાલન થવુ જોઈએ.

**(સી) સરકાર અને કટોકટી/હોનારતોની માહિતી આપવી.**

શાળામાં કોઈપણ આપત્તિ આવે અથવા કોઈપણ કટોકટી પરિસ્થિતિ સર્જાય તો તેની જાણ સ્થાનિક જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર(ઈઓસી)ને કરવી જોઈએ. શાળાએ એક ચોકકસ પત્રકમાં ઘટના, ગંભીરતા, તારીખ અને સમય, અસર પામેલા લોકોની સંખ્યા તેમણે

આપત્તિનો પ્રકાર કેવી રીતે કર્યો વગેરેનો અહેવાલ જિલ્લા વહીવટી તંત્રને આપવો જોઈએ. પત્રકનાં નમૂના માટે પરિશિષ્ટ-૧ જુઓ.

**(ડી) અશકત બાળકો માટે ખાસ જોગવાઈ.**

આપત્તિની પરિસ્થિતિમાં અશકત વ્યકિતઓ અત્યંત અસમર્થ હોય છે. આપત્તિ વ્યવસ્થાપનમાં આ બાબત પ્રત્યે મહદઅંશે યોગ્ય પૂરતુ ધ્યાન આપવામાં આવતુ નથી. હાલની ડીએમ યોજનાઓએ બાબત સત્ય હોવા છતા કે હોનારતો હંમેશા નવી નવી મુશ્કેલીઓ સર્જી શકે છે. આમ છત્તા પણ તેનાં બદલે અશકત નિર્બળ લોકોની જરૂરીયાતો પ્રત્યે ખૂબજ ઓછુ ધ્યાન આપવામાં આવે છે. જેતી આવા વધુ કિસ્સા ન બને તથા પ્રવર્તમાન સ્થિતિને અંકુશમાં લેવા કોઈપણ ડીએમ પ્લાનમાં અશકત લોકો માટે ખાસ જોગવાઈઓનો સમાવેશ થવો જોઈએ.

- ✓ કેટલાક મુખ્ય મુદાઓ કે જે ખાસ ધ્યાન આપવા જેવા છે તેની નીચે મુજબ છે.
- ✓ શાળાનું મકાન ડિઝાઈન (પ્લાન) એવી રીતે તૈયાર કરવો જોઈએ કે તેમાં અશકત લોકો માટે અવર-જવર તથા પહોંચવાનની ક્ષમતાનો ખ્યાલ રાખવો જોઈએ.
- ✓ શાળાનાં મકાનમાં અશકત વ્યકિતઓ વિના મુશ્કેલીથી સરળતાથી પ્રવેશી શકે તથા બહાર જઈ શકે તેવી ખાસ જોગવાઈ કરવી જોઈએ તથા પરિસર તથા તેની આજુ-બાજુ પણ તેઓ મુકત રીતે ફરી શકે તેવી જોગવાઈ કરવી જોઈએ.
- ✓ તેમનાં માટે સરળતાથી તેઓ પાણી પી શકે તથા શૌચાલય સવલતની જોગવાઈ પણ કરવી જોઈએ.
- ✓ એક પરિસ્થિતિમાં અસમર્થતાને અનુકુળ થવા હંમેશા મિત્રાચાર ભર્યુ વર્તન રાખો.
- ✓ અસમર્થતાની મુખ્ય બાબત વિશે શાળા પરિવાર તથા અન્ય સ્ટેક હોલ્ડર્સને જાગૃતિ કરો.
- ✓ તેમની ક્ષમતા વધારવા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરો.

shikshansagar.com Shiksan Sagar The King of Education

✓ અસમર્થતા અંગે વાલીઓ, વિદ્યાર્થીઓ તથા સ્થાનિક લોકો માટે જાગૃતિ કેળવણી કાર્યક્રમોનું આયોજન કરો.

જીએસડીએમએ/સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રની મદદથી જુદી-જુદી હોનારતોનાં સમય દરમ્યાન અસમર્થતા અંગેની કાળજી વિષે માહિતીનાં પ્રસાર માટે ખાસ આઈ.ઈ.સી. સાહિત્ય તૈયાર કરો.

# પ્રકરણ – ૫

## શમન

નોંધ:- પ્રકરણ-૨ માં નકકી કરવામાં આવેલ જોખમને દુર કરવા માટે આપનાં પ્રયાસોની વિગત લખશે.

**(એ) બિન–માળખાકીય શમનનાં પગલા.**

✓ ઈન્સ્યુલેટેડ વિજળીનાં વાયરો તથા ટ્રાન્સફોર્મર્સ સહિત વિજળીનાં સાધનો યોગ્ય રીતે સુરક્ષિત રાખો.

✓ પાણી વહન કરતી પાઈપો/પાઈપીંગ દિવાલ અથવા જમીન સાથે યોગ્ય રીતે ફીટીંગ કરો.

✓ ફ્રેમ સાથે છાજલીઓનું યોગ્ય રીતે ફીટીંગ કરો.

✓ દિવાલમાં ફીટ કરવાનાં કેબિનેટસનું દિવાલ સાથે યોગ્ય રીતે ફીરીંગ કરો.

✓ આગ શામકનુ બ્રેકેટમાં યોગ્ય રીતે ગોઠવીને ફીટ કરો.

✓ ફાઈલોનાં ધોડાઓ એક સાથે રહે તે રીતે દિવાલ પર તેનું યોગ્ય રીતે ફીટીંગ કરો.

✓ પુસ્તકોનાં ધોડાઓ એક પછી એક રાખો અને દિવાલ પર તેને યોગ્ય રીતે ફીટ કરો.

✓ કોમ્પ્યુટરને ચુસ્ત અને યોગ્ય રીતે ટેબલ ઉપર ગોઠવો તથા આ ટેબલ સુરક્ષિત સ્થળે તથા કાળજી ભરી રીતે રાખો.

પાણીની ટાંકીઓ કાળજીપૂર્વક શુધ્ધ, નિયંત્રિત તથા વ્યવસ્થિત રાખો.

## (બી)સલામતી ઓડીટ.

સલામતી ઓડીટએ શમકનાં પગલાનું અગત્યનું પાસુ છે., તે ભૌગોલિક જોખમ સામે શાળા કેટલી સલામત છે, તે નકકી કરે છે. અસમર્થતાનો કયાસ કાઢવાનાં હેતુથી સમયાંતરે સલામતી ઓડીટ કરવુ ખૂબજ જરૂરી છે.

- ✓ નીચે મુજબનાં કેટલાંક સલામતી ઓડીટસનું સૂચન કરવામાં આવે છે કે, જે વિવિધ એજન્સીઓનાં પરામર્શમાં રહીને કરી શકાય છે.
- ✓ મકાનનું ઓડીટ:- તે પીડબલ્યુડી/આર એન્ડ બી., મ્યુનિસિપલ એન્જીનીયર, સ્થાનિક એન્જીનીયરીંગ કોલેજની સહાયથી કરી શકાય છે.
- ✓ આગ સલામતી ઓડીટ:- તે સ્થાનિક ફાયર બ્રિગેડ વિભાગથી કરી શકાય છે.
- ✓ મધ્યાહન ભોજન ખોરાકની ચકાસણી:- તે સંબંધિત વિસ્તારનાં મધ્યાહન ભોજન નિરિક્ષક/આરોગ્ય અધિકારી મારફતે કરી શકાય છે.
- ✓ પીવાનાં પાણીની ચકાસણી:- મહાનગરપાલિકા/નગરપાલિકા મારફતે કરી શકાય છે.
- ✓ શૌચાલય ચકાસણી:- શાળા વહીવટી તંત્ર દ્વારા કરી શકાય છે.

વિજળીક સલામતી ઓડીટ:- તે વિજળી વિભાગ, સ્થાનિક એન્જીનીયરીંગ કોલેજની સહાયથી કરી શકાય છે.

| ઓડીટનો પ્રકાર | સૂચિત સમયગાળો |
|---|---|
| શાળાનાં મકાનનું ઓડીટ | ૩ વર્ષમાં એક વખત |
| આગ સલામતી ઓડીટ | ૧ વર્ષમાં એક વગત |
| મધ્યાહન ભોજન રસોઈની ચકાસણી | દર મહિને |
| પીવાનાં પાણીની ચકાસણી | દર મહિને |
| શૌચાલય ચકાસણી | દર મહિને |
| વિજળીક સલામતી ઓડીટ | ૧ વર્ષમાં એક વગત |

shikshansagar.com

# પ્રકરણ – ૬

## આફતોની બાળકો ઉપર અસર

આફતની વ્યાપક અસરોને કારણે, સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ જાય છે, અને તેની દુ:ખદ અસરો અને ભય લાંબા સમય સુધી ચર્ચામાં રહે છે. ટી.વી. પર સતત જોવા મળતાં નુકસાનનાં દ્રશ્યો, સતત ચાલતી ચર્ચાઓ અને લોકોની આફત સામે લાચારી, બાળકોના મગજમાં કેટલીય શંકાકુશંકાઓને જન્મ આપે છે. વળી, બાળકોને નાનાં કે અસુરક્ષિત ગણીને ઘરના વડીલો બાળકની સાથે આફતો વિશે ચર્ચા કરવાનું ટાળતાં હોય છે, અને આવું વર્તન બાળકોના માનસ ઉપર વધુ ગંભીર અસર પાડે છે. આવા સમયે શાળાના શિક્ષકો તેમજ વાલીઓની જવાબદારી બમણી થઈ જાય છે.

આફતની છાપ બાળકોના વર્તનમાં બોલાવા-ચલાવામાં સરળતાથી જોઈ શકાય છે અને તેઓ જયારે ઘરથી તેમનાં માતા-પિતા કે કુટુંબીજનોથી દૂર થાય છે ત્યારે તેઓ ઘણી અસુરક્ષિતતાની લાગણી અનુભવતાં હોય છે. કેટલાંક બાળકો તો શાળાએ જવાનું ટાળતાં હોય છે. આવા સમયે શાળાના શિક્ષકોની ભૂમિકા ઘણી મહત્વની સાબિત થાય છે. શાળાનું વાતાવરણ અને ભણતર વધુ ને વધુ રસપ્રદ બનાવી બાળકોના મગજ પરથી આફતોની છાપ ભૂંસી શકાય છે.

**આફતોની બાળકો ઉપર સામાજિક / માનસિક અસરો:**

- બાળકો પોતાની ઉંમર કરતાં નાનાં બાળકો જેવું વર્તન કરવા લાગે છે. ઉદારહણ તરીકે અંગૂઠો ચૂસવો કે પથારીમાં પેશાબ કરવો વગેરે.
- પોતાના પરિવાર કે માતા-પિતાથી દૂર થવા માંગતા નથી.
- રાત્રે બિહામણાં સપનાં જોઈ, ગભરાઈને ઉઠી જાય છે.
- રાત્રે પથારીમાં સૂવા જતાં ખચકાતાં હોય છે.
- શાળાએ જવા માટે તૈયાર થતાં નથી.
- શાળામાં સારી રીતે ધ્યાન કેન્દ્રિત કરી શકતાં નથી.
- વારંવાર વિચારોમાં ખોવાઈ જાય છે કે જો ફરી આફત આવશે તો શું થશે ?

- આફતો વિશે સતત પૂછપરછ કર્યા કરે છે અને સંતોષકારક જવાબ ન મળતાં મનોમન ગૂંચવાયા કરે છે.
- ઘરની બહાર નીકળવાનું બને તેટલું ટાળે છે અને જૂથથી દૂર રહેવા પ્રયત્ન કરે છે.
- બાળકોની નાની નાની જરૂરિયાતો ન સંતોષાતાં કે માંગણી અને તે સંતોષવા વચ્ચેનો સમયગાળો લંબાતાં રડવાનું કે કકળાટનું પ્રમાણ વધે છે.
- વિચારે છે કે આફત ખરેખર આવી જ નહોતી, સાચી પરિસ્થિતિનો સ્વીકાર કરી શકતાં નથી.
- અફવાઓને ખૂબ જ સરળતાથી માન્યતા આપે છે.
- પરિવારના સભ્યોમાંથી કોઈનું મરણ થયું હોય તો તે બાળક પોતાની જાતને ખૂબ જ અસુરક્ષિત ગણે છે અને કોઈની ઉપર સરળતાનથી વિશ્વાસ મૂકતું નથી.
- ક્યારેય બાળક તેની ઉંમરના પ્રમાણમાં એકદમ ગંભીર બની જાય છે.
- બાળક પોતાના વર્તન બદલ વારંવાર પસ્તાવો જાહેર કરે છે, પોતે દોષી હોય તેમ માનવા લાગે છે.

ઈજાગ્રસ્ત, અપંગ કે અનાથ થઈ ગયેલાં બાળકોને માનસિક સહાયની ખૂબ જ જરૂરિયાત રહે છે, કેમ કે એક પ્રશ્ન તેમને વારંવાર ગૂંચવ્યા કરે છે કે મારી સાથે જ કેમ આવું થયું ?

## આફત બાદ શાળાના વિદ્યાર્થીઓને શિક્ષકો કઈ રીતે મદદરૂપ થઈ શકે

આફત બાદ શાળાના શિક્ષકો કે જેઓ તરત સક્રિય થઈને સતત કામગીરી બજાવતા હોય તેઓને માટે પોતાની ભાવનાઓ ઓળખવી ખૂબ જ જરૂરી છે, કેમ કે બચાવ અને રાહતકાર્ય દરમિયાન તેઓએ ઘણા બધા મૃતદેહો અને ઈજાગ્રસ્તો જોયા હશે. અસરગ્રસ્તોનાં દુઃખ અને તેમની હાડમારી શાળાના શિક્ષકોને પણ નબળા બનાવી શકે છે. વળી, આ જ સમયે વાલીઓ પણ પોતાના બાળકને સામાન્ય પરિસ્થિતિમાં લાવવા શિક્ષકો તરફ આશાની નજરે જોતા હોય છે. સામાન્ય રીતે તેઓ માનતા હોય છે કે એક વાર

અમારું બાળક ફરી શાળાએ જતુ થઈ જશે તો બધુ બરાબર થઈ જશે. શિક્ષકો માટે આફત બાદ વિદ્યાર્થીઓ સાથે કામ કરવું ખૂબ જ પડકારરૂપ હોય છે. આ બાબતોતે ધ્યાનમાં રાખીને ડિઝાસ્ટર મિટિગેશન ઇન્સ્ટિટ્યૂટે નીચેનાં સૂચનો તૈયાર કર્યા છે, જે શિક્ષકો અને વાલીમિત્રોને ઉપયોગી થશે.

**શિક્ષકો / વાલીમિત્રો માટેનાં સૂચનો :**

- બાળકોની આફત વિશેની સમજણ અને ભાવનાઓ સમજવાનો પ્રયત્ન કરો અને તમે અનુભવશો કે ભલે બાળક નાની ઉમંરનું છે, છતાં તમારી કેટલીક ભાવનાઓ કે વિચારો બાળકો સાથે મળતાં આવે છે.
- બાળકોને આફતો ઉપર નિબંધ કે ચિત્રો દોરવા પ્રોત્સાહિત કરો, જેના પરથી તમને તમારા બાળકના માનસનો ખ્યાલ આવશે અને બાળક પણ રાહત અનુભવશે. શક્ય હોય તો બાળકની દ્રષ્ટિથી ચિત્ર કે નિબંધને સમજવા તેની સાથે ચર્ચા કરો.
- બાળકો સાથે આફત વિશેની ચર્ચા કરતી વખતે તેઓને સરળ ભાષામાં આફત વિશેની સાચી માહિતી આપવાનો પ્રયત્ન કરો, જેથી તે પોતાની મૂંઝવણ દૂર કરી શકે.
- બાળકને વારંવાર વિશ્વાસ અપાવો કે તમે અને બાળક બંને સુરક્ષિત છો.
- શાળાની કે ઘરની સલામતી માટેના આયોજનમાં બાળકને પણ સાથે રાખી સમજણ આપો અને તેની ક્ષમતા મુજબ કામની સોંપણી કરો. તેનાથી બાળકમાં વિશ્વાસનું સિંચન થશે.
- જયારે પણ જરૂરિયાત જણાય ત્યારે બાળકનો હાથ પકડો કે ભેટો, સ્પર્શ બાળકને સુરક્ષિત હોવાની લાગણી આપશે.
- વાલીમિત્રોએ શક્ય હોય ત્યારે સૂતી વખતે તેમના બાળકો સાથે એકાદ કલાક ગાળવો જોઈએ.
- આફત સમયે કે તરત બાદ નીતીનિયમો અને કાયદાના અમલીકરણ ઉપર ભાર ન મૂકો અને બાળકોનો વિશ્વાસ જીતવા પ્રયત્ન કરો.
- બાળકના જવાબદારીપૂર્ણ વર્તનને ઓળખો અને વખાણ કરો.

- વાલીમિત્રો અને શિક્ષકોએ એકબીજા સાથે સંકળાઈને કાર્ય કરવું. આથી તેઓ બાળકની મુશ્કેલીઓ અને વર્તન એક દ્રષ્ટિથી સમજી યોગ્ય પ્રતિભાવ આપી શકશે.

બાળકને ચાલુ પરિસ્થિતિ વિશે હંમેશા માહિતગાર કરો, જેથી તે સામે આવી રહેલા પરિવર્તનનો સરળતાથી સ્વીકાર કરી શકે.

## પ્રકરણ – ૭

### બાળકોમાં આફત અને આફતનિવારણ અંગેની જાગૃતિ ફેલાવવા માટેનાં સૂચનો

બાળકો સુધી આફત અંગેની સમજ પહોંચાડવી ખૂબ જ મહત્વની છે. આ સમજ આફત સમયે બાળકોને આત્મરક્ષણમાં જ નહિ, પરંતુ અન્ય વ્યકિતઓના બચાવમાં પણ ખૂબ જ ઉપયોગી થાય છે. આપણી શાળાઓના અભ્યાસક્રમમાં આફતનિવારણ અંગેની સમજ વિશે કોઈપણ પ્રકારનો સમાવેશ કરવામાં આવ્યો નથી અને આથી જ બાળકોમાં અન્ય પ્રવૃતિઓ દ્વારા આ સમજ વિકસાવવાની જરૂરિયાત છે. શાળાના શિક્ષકો આ ભૂમિકા સરસ રીતે બજાવી શકે છે. નીચે પ્રમાણેનાં કેટલાંક સૂચનો તૈયાર કર્યા છે, જે શિક્ષકોને બાળકો સુધી આફત અંગેની સમજ પહોંચાડવામાં ઉપયોગી થશે તેવી આશા છે.

- બાળકોમાં આફત અને આફતનિવારણ અંગેની જાગૃતિ ફેલાવવા માટેનાં સૂચનો
- બાળકોમાં આફતો અંગેની જાગૃતિ ફેલાવવા માટે શાળાઓ આફતના વિષય ઉપર ચિત્રસ્પર્ધાનું, નિબંધસ્પર્ધાનું અને વકતૃત્વસ્પર્ધાનું આયોજન કરી શકે.
- શાળાઓ વાર્ષિક ધોરણે જોખમનું મૂલ્યાંકન અથવા તેના નકશા બનાવવાની હરીફાઈનું આયોજન કરી શકે.

- શાળામાં આફતનિવારણ માટેના માળખાની રચનામાં વિદ્યાર્થીઓને સાંકળવા પ્રયાસ કરો અને શક્ય હોય તો તેમની ક્ષમતાને અનુરૂપ જવાબદારી પણ સોંપો.
- શાળામાં આફત આવી હોય તેવી પરિસ્થિતિનું વાતાવરણ ઉભું કરી, બાળકોને આયોજનને અનુરૂપ વર્તન કરવા પ્રોત્સાહિત કરો. આ પદ્ધતિ બાળકોમાં આત્મવિશ્વાસનું સિંચન કરશે.
- શાળાના વાર્ષિક કાર્યક્રમોમાં આફતવ્યવસ્થાપનના કાર્યક્રમોનો ખાસ સમાવેશ કરો.
- શાળાઓ આપમેળે અથવા આફતનિવારણ નિષ્ણાંતની મદદથી વિદ્યાર્થીઓ માટે સરળ ભાષામાં રસપ્રદ રીતે પ્રકરણ તૈયાર કરી, બાળકોને સમજાવી શકે અને તેના પરથી વિદ્યાર્થીઓની સરળ પરીક્ષા લઈ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામો દ્વારા પ્રોત્સાહિત કરી શકે.
- શાળાઓમાં બાળકોને પર્યાવરણ, જમીનના પ્રકાર, ભૂગોળ અને નકશા વિશે વિગતવાર માહિતી આપી શકાય.
- શાળામાં બાળકોને ટેલિફોનનો ઉપયોગ અગત્યના ફોન નંબરો વિશે માહિતી આપીને શીખવાડવો જોઈએ. અગત્યના ઈમરજન્સી નંબરોને શાળાની દિવાલ ઉપર ફોન નજીક ચોટાંડી દેવા જોઈએ.
- શાળાઓએ આફતનિવારણની પ્રવૃતિઓમાં વાલીમિત્રોને જેટલા બને તેટલા વધુ સાંકળવાના પ્રયત્નો કરવા જોઈએ જેથી વિદ્યાર્થીઓને આફતનિવારણની ગંભીરતા સમજાય.
- શાળામાં બાળકોને અગ્નિશામક દળ, હોસ્પિટલ તેમજ અન્ય બચાવદળોની કામગીરી વિશેની માહિતી આપો.
- આફતોની અસર અને તે દરમિયાનના રાહત અને બચાવકાર્ય અંગે ઉતારેલી વિડિયો ફિલ્મ બાળકોને બતાવવી જોઈએ અને ત્યારબાદ સમૂહચર્ચાનું આયોજન કરી, બાળકોને તેમના પ્રતિભાવો આપવા પ્રોત્સાહિત કરવાં જોઈએ.

- બાળકોને ઓળખપત્રનું મહત્વ અને ઘરનું સરનામું તેમજ ફોન નંબરો યાદ રાખવાનું કેમ અગત્યનું છે તે સમજાવો.
- બાળકોને ટ્રાફિકના નીતિનિયમો વિશે પણ માહિતગાર કરો.
- પ્રાથમીક સારવાર પેટી (ફર્સ્ટ એઈડ બોક્સ) નો કઈ રીતે ઉપયોગ કરવો તે પ્રયોગ કરી સમજાવવું.
- શાળામાં આફત સમયે ઉપયોગમાં લઈ શકાય તેવા સાયરનના ઉપયોગ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.
- વિવિધ રમતોના ઉપયોગથી તેઓને આફતનિવારણનું મહત્વ સમજાવો.
- શાળાઓમાં આફત ઉપર મોડેલ / માળખાં બનાવી ગોઠવી શકાય.
- જુદા - જુદા વિષયો ઉપર આંતરશાળા સ્પર્ધાઓનું વારંવાર આયોજન કરી બાળકોને આફતો વિશે જાણવા વધુ પ્રોત્સાહિત અને ઉત્સુક કરો.
- શાળાનો નકશો બનાવી શાળાની રચના, બહાર નીકળવાના રસ્તા, જોખમી સ્થળો, આફત સમયે ભેગા થવાની જગ્યા વિગેરેને નકશામાં દર્શાવી તેને શાળાના નોટિસ બોર્ડ ઉપર લગાવી દો.
- બાળક રસ્તામાં હોય અને આફત ત્રાટકે ત્યારે, ઘરનો કે શાળાનો સંપર્ક કઈ રીતે સાધે તે સમજાવવું જોઈએ.

બાળકોને આફત સામે સ્વબચાવ કઈ રીતે કરવો તે સમજાવો. દા.ત., ભૂકંપ સમયે ખુલ્લા મેદાનમાં આશરો લેવો અને અગાથી બચવા પાણી કે રેતીનો પ્રયોગ કરવો વગેરે.

## પરિશિષ્ટ-૧

| | |
|---|---|
| સરકારને કોટોકટી/આપત્તિની જાણ કરવા માટેનું પત્રક શાળાનું નામ | |
| શાળાનું સરનામું | |
| સંપર્ક | |

| | | | |
|---|---|---|---|
| તારીખ | | | |
| સમય | | | |
| અસરગ્રસ્ત લોકોની સંખ્યા | | | |
| મુત્યુ | શિક્ષકો | વિદ્યાર્થીઓ | અન્ય સ્ટાફ |
| | | | |
| ઘવાયેલ | | | |
| ઘટના/આપત્તિનો પ્રકાર | | | |
| પ્રતિકાર સંસ્થાઓ | ૧. | | |
| | ૨. | | |
| | | | |
| શાળાને થયેલ નુકશાન | | | |
| ઘટનાનું વર્ણન કરો. | | | |
| પ્રતિકારનું વર્ણન કરો. | | | |

shikshansagar.com · The King of Education
શિક્ષણ સાગર

# પરિશિષ્ટ–૨

## શાળાનો નમૂનારૂપ ભૌતિક નકશો

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# પરિશિષ્ટ–૫

## ૧.વિવિધ ટુકડીઓ તથા સંકલન તંત્રની ભૂમિકા તથા જવાબદારીઓ નકકી કરવી.

### (એ) જાગૃતિ કેળવણી અને સંદેશાવ્યવહાર ટુકડી.

ટુકડીનાં સભ્યો ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.

- ✓ આપત્તિ પહેલાં:-
- ✓ શાળાનો નકશો, સ્થળાંતર પ્લાન, બિલ્ડીંગ પ્લાન, વિદ્યાર્થીઓ, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડની સંખ્યા, લેબ્સ તથા નજીકનું ફાયર સ્ટેશન, હોસ્પિટલ, પોલીસ સ્ટેશન વગેરે મેળવો.
- ✓ જીએસડીએમએ/જિલ્લા તંત્રનાં પરામર્શમાં પોસ્ટર્સ, પુસ્તીકા, ચોપાનિયા, પોઈન્ટીંગ, પેમ્ફલેટર્સ, ચાર્ટસ વગેરે જેવું આઈ.ઈ.સી. સાહિત્ય એકત્ર કરો અને તૈયાર કરો.
- ✓ વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય કર્મચારીઓ માટે શાળા સંચાલકોનાં સંકલન દ્વારા આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત પોઈન્ટીંગ, ચર્ચા-સભા, નિબંધ, અંતકડી, સુત્રો વગેરે જેવી પ્રવૃતિઓનું આયોજન કરો.
- ✓ સ્થાનિક પ્રતિનિધીઓ, ફાયર સ્ટેશન, પોલીસ ડિપાર્ટમેન્ટ, રોટરી કલબ વગેરેનાં સંકલન દ્વારા શાળાનાં કર્મચારીઓ માટે જાગૃતિ કેળવણી કાર્યક્રમો યોજો.
- ✓ પ્રાથમિક સારવારની ટેકનિકસ પર વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે આરોગ્ય શિબિરો યોજો.
- ✓ તેમની નિયમિત રીતે ડ્રીલ્સ કરાવવા અન્ય ટુકડીઓને મદદ કરો.
- ✓ ભૂકંપ, પુર અથવા અન્ય કોઈ હોનારત અંગે દૈનિક હવામાન, અહેવાલો વિશે શાળાને છેલ્લામાં છેલ્લી આધુનિક માહિતીથી સુસજ્જ રાખો.

કટોકરી દરમ્યાન વધુ સારા સંદેશાવ્યવહાર તથા સંકલન માટે ટુકડીનાં સભ્યોનાં સંપર્કની વિગતો વિશે બધા જ વિદ્યાર્થીઓનાં વાલીઓનાં સંપર્કની વિગતોની યાદી તૈયાર કરો અને વાલીઓને તે બાબતોની જાણ કરો.

✓ આપત્તિ દરમ્યાન:-

✓ યોગ્ય ચેતવણી પદ્ધતિઓથી શાળા અને અધિકારીઓને સાવધ કરો. કટોકટીમાં તેમની ફરજો બજાવવામાં અન્ય ટુકડીઓને સહાય કરો.

✓ આપત્તિ પછી:-

પરિસ્થિતિને કાબૂ હેઠળ રાખો અને તબીબી પ્રાથમિક સારવાર, શોધ અને બચાવ વગેરે જેવી આપત્તિ બાદની પ્રવૃતિઓ માટે કટોકટી પ્રતિકારકો સાથે સતત સંપર્ક રાખો.

**(બી)પ્રાથમિક સારવાર ટુકડી**

ટુકડીનાં સભ્યો ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.

✓ આપત્તિ પહેલા:-

✓ પ્રાથમિક સારવારનાં સાધનો શાળામાં રાખવા જોઈએ. (જ્યાં સરળતાથી પહોંચી શકાય તથા બધાને ખબર હોય તેવા સ્થળે)

✓ આરોગ્ય ક્ષેત્રે કાર્ય કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.)/સ્થાનિક આરોગ્ય વિભાગ/ ફાયર બ્રિગેડ દ્વારા મૂળભુત પ્રાથમિક સારવારની ટેકનિકસમાં ટુકડીનાં બધા જ સભ્યો તાલીમબધ્ધ હોવા જોઈએ.

✓ આ ટુકડીનાં બધા જ સભ્યોને રીફ્રેશર તાલીમ નિયમિત રીતે આપવી જોઈએ.

અસરકારકતા અને ક્ષમતામાં વૃધ્ધિ કરવા નિયમિત ડ્રિલ્સ યોજો.

✓ આપત્તિ દરમિયાન:-

✓ શાળામાં યોગ્ય કક્ષાએ કટોકટી પ્રાથમિક સારવારની જગ્યા ઉભી કરો. ઘાયલ થયેલ વ્યકિતઓનાં પ્રમાણ પર આધારિત પ્રાથમિક સારવાર સુવિધાઓ પુરી પાડો.

✓ આપત્તિ પછી:-

✓ ઘાયલ થયેલ વ્યકિતઓનાં પ્રમાણ પર આધારિત નજીકનાં આરોગ્ય કેન્દ્ર/હોસ્પિટલમાંથી સહાય મેળવો અથવા ૧૦૮ પર ફોન કરો.

✓ ઘવાયેલ વ્યકિતઓની સારવાર માટે કેન્દ્ર સ્થાપવા યોગ્ય સ્થળ નકકી કરો.

✓ બધા જ કેસો તથા અપાયેલ સારવારની નોંધ રાખો.

ગંભીર રીતે ઘવાયેલા લોકો માટે વાહન વ્યવહાર ટુકડીની મદદ વડે ૧૦૮નાં સંકલનમાં તેમને નજીકની આરોગ્ય હોસ્પિટલમાં દાખલ કરો.

**(સી)શોધ અને બચાવ ટુકડી.**

ટુકડીનાં સભ્યો ૨-૩ શિક્ષકો તથા ૫-૬ વિદ્યાર્થીઓ.

✓ આપત્તિ પહેલા:-શાળા પ્રવેશ, બહાર જવાનાં દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.

✓ દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબ્સની સંખ્યાની માહિતી મેળવો.

✓ વર્ગખંડો, લેબ્સ, શાળાનાં દરવાજાની બધીજ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઈએ કે જેથી તે સહેલાઈથી મળી શકે અને સમગ્ર ટુકડીનાં સભ્યોને તેની જાણકારી હોવી જોઈએ.

✓ સીસોટી, બચાવ હેલ્મેટ્સ, ટોર્ચ, ફાનસ, દોરડા તથા સીડી (બે માળનાં મકાનનાનં કિસ્સામાં) જેવા અગત્યનાં સાધનો તથા અશકત લોકોને બચાવવા જરૂરી સાધનો તૈયાર રાખવા જોઈએ.

✓ ટુકડીનાં સભ્યો, સ્થાનિક આગ વિભાગ દ્વારા મૂળભૂત પાયાની શોધ અને બચાવની ટેકનિકસમાં તાલીમબદ્ધ હોવા જોઈએ.

અસરકારકતાની ચોકકસાઈ કરવા તથા વધુ સારા સંકલન મેળવવા મોકડ્રીલ્સ નિયમિત રીતે યોજાવવી જોઈએ.

✓ હોનારત દરમિયાત:-

✓ પરિસ્થિતિ પ્રમાણે શોધ અને બચાવની કામગીરી કરો.અશકત લોકો પ્રત્યે અને લોકો કરતા વધુ સારૂ ઘ્યાન આપવુ જોઈએ. અશકત લોકોને વધુ સારા સલામત સ્થળે લઈ જવા જોઈએ.

✓ આપત્તિ પછી:-

✓ બધા રૂમો ચેક કરવા જોઈએ કે જેથી કોઈપણ બાળકો રૂમમાં રહી ન જાય.ગંભીર રીતે ઘવાયેલ લોકોને તબીબી સહાય માટે પ્રાથમિક સારવાર ટુકડીને સોંપવા જોઈએ.

રાહત બચાવ કામગીરી દરમ્યાન જો કોઈ બોધપાઠ શીખવા મળયો હોય તો તે મુજબ બચાવનાં નિયમોને અદ્યતન કરો.

**(ડી) સ્થળાંતર ટુકડી.**

ટુકડીનાં સભ્યો ૨-૩ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ.

✓ આપત્તિ પહેલા:-

✓ શાળામાં પ્રવેશ અને બહાર જવાનાં દરવાજા, સીડી, પેસેજ, દરવાજા, બારી, બારણા વગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.

✓ દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડો, લેબની સંખ્યાની માહિતી મેળવો.

✓ વર્ગખંડો, લેબ, શાળાનાં દરવાજાની બધી જ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઈએ કે જેથી તે સહેલાઈથી મળી શકે અને સમગ્ર ટુકડીનાં સભ્યોને તેની જાણકારી હોવી જોઈએ.

✓ હોનારતોનો ક્યાસ કાઢીને દિવાલ પર સાઈન પોસ્ટર્સ મૂકવા જોઈએ કે જેથી દરેક રૂમમાંથી વ્યકિતઓ સરળ અને વહેલાં સ્થળાંતર માટે માર્ગદર્શન મળેવી શકે.

✓ અશકત(અસમર્થ) વ્યકિતઓની જરૂરીયતોને અગત્યતા આપીને સ્થળાંતર માટે જરૂરી વસ્તુઓ પહોંચાડવા માટે વ્યવસ્થા કરો.

જુદી-જુદી હોનારતો માટે અન્ય ટુકડીઓનાં પરામર્શમાં નિયમિત રીતે સ્થળાંતર રીતે ડ્રીલ્સ કરાવવી જોઈએ.

✓ આપત્તિ દરમ્યાન:-

✓ પ્રેક્ટીસ ડ્રિલ્સમાં નક્કી કરાયેલ પધ્ધતિ મુજબ લોકોનું સ્થળાંતર કરો. છેલ્લામાં છેલ્લા વિદ્યાર્થી સુરક્ષિત જગ્યાએ પહોંચે ત્યાં સુધી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપો.

✓ આપત્તિ પછી:-

✓ બધી જ સ્થળાંતર કરાયેલ વ્યકિતઓની ગણતરી કરો અને શાળાનાં રેકોર્ડમાં જણાવેલ ખરેખર સંખ્યા સાથે તેને મેળવી જુઓ.

જો સંખ્યામાં કોઈ વિસંગતતા જણાય તો તેની શોધ અને બચાવ ટુકડીને જાણ કરો.

સ્થળાંતર પદ્ધતિ (કાર્યવિધિ) નું વ્યવસ્થાપન કરો અને ખસ મુદ્દાઓની નોંધ કરો કે જે પ્રેક્ટીસ કરાયેલ ડ્રિલ્સમાં ન હોતા.

**(ઈ) સ્થળ સુરક્ષા ટુકડી.**

ટુકડીનાં સભ્યો ૨-૩ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ.

- ✓ આપત્તિ પહેલા:-
- ✓ શાળા પ્રવેશ, બહાર જવાનાં દરવાજા, સીડી, પેસેજ દરવાજા, બારી-બારણા વિગેરે દર્શાવતા મકાનનો પ્લાન તથા શાળા સ્થળાંતર પ્લાનની નકલ મેળવો.
- ✓ દરેક વર્ગમાં વિદ્યાર્થીઓની સંખ્યા, શિક્ષકો, અન્ય કર્મચારીઓ, વર્ગખંડ, લેબની સંખ્યાની માહિતી મેળવો.
- ✓ વર્ગખંડો, લેબ, શાળાનાં દરવાજાની બધી જ ચાવીઓ યોગ્ય જગ્યાએ હોવી જોઈએ કે જેથી તે સહેલાઈથી મળી શકે અને સમગ્ર ટુકડીનાં સભ્યોને તેની જાણકારી હોવી જોઈએ.
- ✓ કટોકટીનાં સમયે શાળામાંથી વિદ્યાર્થીઓને બહાર કાઢવા માટે વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડીને સામેલ રાખી માર્ગદર્શીકા તૈયાર કરો તેમજ માર્ગદર્શીકાથી માતા-પિતા તેમજ વાલીઓને અવગત કરો.

કટોકટીનાં સમયે સુચારૂ સંચાલન માટે વિદ્યાર્થીઓ તેમજ માતા-પિતાઓનાં સંપર્ક માટે તેમનાં સંપર્કની માહિતીની યાદી તૈયાર કરો તેમજ આ યાદી સ્થળ સુરક્ષા ટુકડીનાં સભ્યોને પુરી પાડો.

- ✓ આપત્તિ દરમ્યાન:-
- ✓ શાળા પરિસરમાં અંદર તથા બહાર જવાનો માર્ગ નિયંત્રિત કરો તથા તેને માત્ર કટોકટીની સેવાઓ માટે જ ઉપલબ્ધ બનાવો.

ટોળાનું સંચાલન કરવા સ્થાનિક પોલીસ અથવા ફાયર બ્રિગેડની મદદ લો.

- ✓ આપત્તિ પછી:-
- ✓ અંદર તથા બહાર જવાનો માર્ગને નિયંત્રિત કરો શાળા પરિસરને સલામત સુરક્ષિત બનાવો.

માતા-પિતા તથા વાલીઓ સાથેનાં વ્યવહાર માટે દરવાજા પર ટુકડીનાં ૨ સદસ્યોને રાખો તથા ફાયર બ્રિગેડ, પોલીસ કર્મચારીઓ તથા અન્ય સંબંધિત એજન્સીઓ સાથે જોખમવાળા વિસ્તારમાં પહોંચવા માટે તેમની સાથે સંકલન કરો.

**(એફ) વાહન વ્યવહાર વ્યવસ્થાપન ટુકડી:-**

ટુકડીનાં સભ્યો - સ્કુલ બસમાં જતા શિક્ષકો તથા દરેક ધોરણમાંથી ૨ વિદ્યાર્થીઓ.

- ✓ આપત્તિ પહેલા:-
- ✓ બધી જ નજીકની હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન, ફાયર બ્રિગેડ, બસ ડેપો તેમજ વિદ્યાર્થીઓનાં વાલીઓ વગેરેની સંપર્ક યાદી તૈયાર કરો તથા તેમની સાથે સંપર્ક કેળવો.
- ✓ શાળામાં ઉપલબ્ધ બધા જ વાહનો માટે માર્ગદર્શક નકશો તૈયાર કરો તથા તેમને પહોંચવાનાં સ્થળનું નકશામાં નિર્દેશન કરો. પ્રતિબંધિત વિસ્તાર અંગેનાં કિસ્સામાં વૈકલ્પિક માર્ગ પણ નકશામાં દર્શાવો.
- ✓ વાહનોનાં બધા જ કર્મચારીઓને માર્ગદર્શક નકશાથી વાકેફ કરો કે જેથી તેમને નજીકનાં માર્ગની પણ જાણકારી મળી શકે.
- ✓ બધા જ સભ્યોએ સ્થાનિક આરોગ્ય વિભાગમાંથી પ્રાથમિક સારવારની મૂળતત્વ તાલીમ મેળવવી જોઈએ.
- ✓ અસરકારક વ્યવસ્થાપન માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે ટીમ વાકેફ હોવી જ જોઈએ.

અશકત વિદ્યાર્થીઓનાં માટે અલગ વ્યૂહ તૈયાર કરો.

- ✓ આપત્તિ દરમ્યાન:-
- ✓ વાહનોનાં કર્મચારીઓને પહોંચવાનાં સ્થળે જતા સલામત રીતે શાળાની બહાર જવા માર્ગદર્શન આપો.

બધા જ વિદ્યાર્થીઓને નિયત વાહનમાં સલામત રાખો. અશકત વિદ્યાર્થીઓની ખાસ સંભાળ લો.

- ✓ આપત્તિ પછી:-

- ✓ હેરફેર માટે વધુ વાહનોની જરૂરીયાત માટે અન્ય ટીમો સાથે સંકલન કરો.
- ✓ શાંત રહેવા લોકોને સૂચના આપો તથા વાહનોનાં કર્મચારીઓ સાથે સંકલનમાં રહીને તેમનાં સંબંધિત વાહનોમાં પહોંચવા તેમને માર્ગદર્શન આપો.

પ્રાથમિક સારવાર ટીમનાં સભ્યોનાં સંકલનમાં રહીને ઘવાયેલ વ્યકિતઓને પ્રાથમિક સારવારની સહાય કરો.

**(જી) આગ સલામતી ટુકડી.**

ટુકડીનાં સભ્યો-૪ શિક્ષકો અને ૫-૬ વિદ્યાર્થીઓ.

- ✓ આપત્તિ પહેલા:-
- ✓ એ બાબતની ખાતરી કરો કે શાળા પાસે ઈન્સ્ટોલ કરેલા પુરતી સંખ્યામાં અગ્નિશામક યંત્ર છે કે કેમ અને તે ચાલુ સ્થિતિમાં છે કે કેમ તેની પણ ચોકસાઈ કરો.
- ✓ ટુકડીનાં બધા જ સભ્યોએ અગ્નિશામક યંત્ર કેવી રીતે ચલાવવુ તેની જાણકારી મેળવી લેવી જોઈએ.
- ✓ એ બાબતની ખાતરી કરો કે જિલ્લાતંત્રનાં પરામર્શમાં રહીને સ્થાનિક ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા નિયમિત રીતે સમયાંતરે આગ સલામતીનું એસેસમેન્ટ કરવામાં આવે.
- ✓ ટુકડીનાં સભ્યોએ નિયમિક રીતે મોકડ્રીલમાં ભાગ લેવો જોઈએ.
- ✓ ઉદ્યોગો, કારખાનાઓ વગેરે જેવા નજીકનાં આપત્તિજનક વિસ્તારો ઉપર ખાસ નજર રાખો અને તેમને સંબંધિત કોઈપણ પ્રવૃત્તિ વિષે સ્થાનિક તંત્રને સાવધ કરો.

એ બાબતની ખાતરી કરો કે મેઈન સ્વીચો ઈલેકટ્રીક વાયર્સ અને સ્વીચો કવર્ડ છે કે કેમ અને જો ખુલ્લી જણાય તો વિજળી વિભાગનાં પરામર્શમાં રહીને તેને રીપેર કરાવવા માટે શાળા વ્યવસ્થાપન તંત્રને જાણ કરો.

- ✓ આપત્તિ દરમ્યાન:-
- ✓ શકય હોય તો મેઈન સ્વીચ બંધ કરો અને સમગ્ર શાળા માટે વિજળી પુરવઠો કાપી નાખો.

✓ જો કોઈ વિદ્યાર્થી આગમાં સપડાઈ જાઈ તો તેને સ્ટોપ, ડ્રોપ અને રોલનો આદેશ કરો.

✓ અગ્નિશામક યંત્રનો ઉપયોગ કરી, જયાં આગ દેખાય ત્યાં તેને બુઝાવવાનો પ્રયાસ કરો.

✓ જો આગ ભયંકર સ્વરૂપ ધારણ કરે તો શાળાનાં મકાનમાંથી બહાર નિકળી જાઓ.

જેટલુ વહેલુ બને તેટલુ વહેલુ સ્થાનિક ફાયર બ્રિગેડને આગ અંગેની સંપૂર્ણ વિગતથી જાણ કરશે.

✓ આપત્તિ પછી:-

✓ એ બાબતની ખાતરી કરો કે બધા જ વિદ્યાર્થીઓ શાળાનાં મેદાનમાં ઉપસ્થિત છે કે કેમ ? જો ગણતરીમાં ખૂટે તો શોધ અને બચાવ ટુકડીને તરત જ તેની જાણ કરો.

✓ તેમની કામગીરી કરવામાં શોધ અને બચાવ ટુકડી તથા પ્રાથમિક સારવાર ટુકડીને મદદ કરો.

અદ્યતન માહિતી તૈયાર કરી અને વધુ સારા સંકલન માટે શાળા વ્યવસ્થાપન/સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રને જાણ કરો.

## પરિશિષ્ટ–૬

વિદ્યાર્થીઓની વર્ગવાર માહિતી

| ધોરણ | વિભાગ | કુમાર | કન્યા | અશક્ત બાળકોની સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| 1 | અ. | | | | |
| 2 | અ. | | | | |
| 3 | અ. | | | | |
| 4 | બ. | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 5 | અ. | | | | |
| 6 | અ. | | | | |
| 7 | બ. | | | | |
| 8 | અ. | | | | |
| total | અ. | | | | |

## પરિશિષ્ટ–૭

| શૈક્ષણિક કર્મચારીઓની માહિતી | નામ | ધોરણ | સરનામું |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર

# SHIKSHAN SAGAR
## (શિક્ષણ સાગર)
## એપ્લીકેશન ની વિશેષતા

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION